
# શ્રી સ્વામિનારાયણ

માસિક

સળંગ અંક ૯૦ ● ઓક્ટોબર ૨૦૧૪
કિંમત ₹ ૫/-
પ્રકાશન:- દર માસની ૧૧ તારીખે



પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
૪૨માં જન્મોત્સવ અને
ગાદી અભિષેક દશાબ્દી મહોત્સવ
પ્રસંગે

## ગુરુવંદના

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧







પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ.મોટા મહારાજ
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ.લાલજી મહારાજ ૧૦૮
શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

*His Holiness Acharya Maharaj*
*Shri Koshalendraprasadji Pande*

આપણને સર્વાવતારી [illegible]
અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ ભગવાન
શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ થઈ છે
તેનો સ્વીકાર મહાત્મ્ય સાથે કરીને આપણે
સત્સંગમાં [illegible] [illegible] રહી [illegible]
મોક્ષમાર્ગમાં આગળ વધીએ.

માટે આવો આ દિપાવલીના પરમ
પવિત્ર [illegible] પૂર્ણ પ્રકાશે આપણે શ્રીહરિને
અને પ્રાર્થના કરીએ કે તમે [illegible]
અજ્ઞાનતામાં આ [illegible] [illegible] [illegible] કરે
તેમજ તમે [illegible] સ્વરૂપ અમારા [illegible]
શ્રી નરનારાયણ [illegible] [illegible] [illegible]
[illegible]

આપ સૌને અમારા શ્રી નરનારાયણદેવના
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] દિપાવલીના [illegible] [illegible]
[illegible]

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ. મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ. લાલજી મહારાજ
શ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

Shree Swaminarayan Mandir, Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૮ ● અંક : ૯૦

ઓક્ટોબર-૨૦૧૪

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ધર્મકુળ સંપ્રદાયનું મૂળ | ૦૬ |
| ૦૪. | પ્રસાદીના પત્રોનું આચમન | ૦૯ |
| ૦૫. | ધર્મનગરી અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ''શતાબ્દી મહોત્સવ'' ધામધૂમથી ઉજવાયો | ૧૧ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૨૫ |
| ૦૮. | ભક્તિ સુધા | ૨૭ |
| ૦૯. | પ્રશ્ન પેટી | ૩૧ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૩૨ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે વાચકો, લેખકો અને દેશ વિદેશના અંકના સભ્યો સમસ્તને સંવત ૨૦૭૧ ના નૂતન વર્ષના નૂતન વર્ષાભિનંદન સહ જયશ્રી સ્વામિનારાયણ.

વ્હાલા ભક્તો વેપારી જેમ દર વર્ષનું સરવૈયું કાઢે તેમ આપણે આખા વરસ દમ્યાન કેટલું આપણા આત્માના શ્રેય અને કલ્યાણ માટે યત્ન કર્યો અને જગત વ્યવહાર માટે કેટલો પરિશ્રમ કર્યો તેનું સરવૈયું જોવું. જો જીવ-આત્મા અર્થે કરેલું બેલેન્સ જમા વધુ હોય તો ચિંતા નથી. પરંતુ જગત કોરનું બેલેન્સ વધી જાય તો નવા વરસથી ખટકો રાખી ભગવાનની વિશેષ ભજન ભક્તિ કરશો. આપણો વ્યવહાર જેટલો ચોખ્ખો હશે તેટલી ધંધામાં પણ બરકત આવશે. જૂના વેર ઝેર ભૂલીને હળી મળીને સંપથી રહેશો. ભગવાનના ગરીબ ભક્તનો ક્યારેય દ્રોહ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું. નહીં તો મહારાજ આપણી પર ક્યારેય રાજી નહીં થાય.

આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૨ મો જન્મોત્સવ અને ગાદી દશાબ્દી મહોત્સવ કલોલ ખાતે આપણે સૌએ ધામધૂમથી ઉજવ્યો. ૧૦ વરસમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ દેશ વિદેશમાં કેટલું વિચરણ સત્સંગ અર્થે કર્યું તે આપણે જાણ્યું. સામાન્ય માણસ પણ સમજી શકે કે આટલું મહા ભગીરથ કાર્ય-વિચરણ ભગવાન અને તેમના અનુગામી અપર સ્વરૂપ સિવાય કોઈ ન કરી શકે. તેટલું દરેક સમજી શકે છે. એમના થકી આપણું શ્રેય અને કલ્યાણ છે. એ નક્કી જાણવું. એમની આજ્ઞામાં સદાય આપણું સુખ અને સુખ છે. તે નિશ્ચે જાણશો.

આગામી શ્રી નરનારાયણદેવ મહોત્સવ હવે આપણી સમક્ષ નજીક આવી રહ્યો છે. આપના ગામમાં સંતો ન પહોંચી શક્યા હોય તો ગામો ગામના ભક્તોએ પોતાના ગામની સેવા કોઠારીશ્રી અથવા પ્રતિનિધિ અથવા શ્રી નરનારાયણદેવ યુવક મંડળે અમદાવાદ મંદિરમાં જમા કરાવી પહોંચ મેળવી લેવી.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(સપ્ટેમ્બર-૨૦૧૪)

૧ થી ૧૬ વિદેશમાં અમેરિકા અને કેનેડાના નવા વિસ્તારોમાં સત્સંગ વિચરણ

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર દેવરાસણ (જી. મહેસાણા) પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી ત્યાંથી ખેરવા ગામે પધરામણી.

૩૦ મહિસા (કઠલાલ) શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.



# ધર્મકુળ સંપ્રદાયનું મૂળ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉદ્ધવ સંપ્રદાયની વિજયી ધજા ચારે દિશામાં વિસ્તારીને જીવન લીલાને સંકેલવાનો વિચાર કરી રહ્યા હતા ત્યારે ઉત્તરાધિકારીની પસંદગી બહુ જ અગત્યની હતી. સંપ્રદાયનું ભવિષ્ય ઉત્તરાધિકારી પર નિર્ભર છે તેથી ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા સમર્થ સંતો પાસે શ્રીજી મહારાજ અભિપ્રાય લેતા. મોટા મોટા સંતો પદથી અલિપ્ત રહેવાનું પસંદ કરતા હતા. એકવાર તો બ્રહ્મચારી વર્ણી વાસુદેવાનંદજીને બળજબરીથી ગાદીએ બેસાડી આરતી કરી તો સદ્‌ગુરુ રૂદન કરવા લાગ્યા. કર જોડીને વિનંતી કરી ત્યારે મહારાજે પૂર્વવત્ કર્યા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી ઉત્તરાધિકારી પદ ધર્મવંશ પરંપરામાં રાખવા ઈચ્છતા હતા, તેથી શ્રીજી મહારાજને પ્રાર્થના કરી કે, ત્યાગીને ગાદી આપવાથી સંપ્રદાયમાં ત્યાગીનો ત્યાગ અને પદ બન્ને નિષ્ફળ જશે. આપ ધર્મવંશ ધર્મકુળની પરંપરામાં ગાદી પદ આપવામાં આવે તો આપ અક્ષરધામથી મોકલેલ મુક્તનો ધર્મકુળમાં જન્મ થશે અને જીવની જેમ સંપ્રદાયને સાચવી રાખશે. અને ત્યાગી ગૃહી બન્ને ને સહજ આદર પૂજનીય ભાવ રહેશે. નંદ પંક્તિના સંતોના અતિ આગ્રહથી મોટા ભાઈ રામપ્રતાપભાઈ અને નાના ભાઈ ઈચ્છારામભાઈના એક એક પુત્ર જેમાં મોટા ભાઈના શ્રી અયોધ્યાપ્રસાદજી ઉંમર વર્ષ ૧૭ અને રઘુવીરજી ઉંમર વર્ષ ૧૩, નાની ઉંમરના બન્ને બાળકોને ગાદીએ બેસાડવાનું નક્કી કરવામાં આવ્યું. શ્રીજી મહારાજ કહે આ ઉંમરમાં બહુ નાના છે પણ જ્ઞાન અને સ્થિતિમાં બહુ મોટા છે. ગોપાળાનંદ સ્વામી કહે પ્રભુ ! તમે મોટા હોય તેને જ ધર્મકુળમાં જન્મ આપો છો. મોટા મોટા સંતોએ ૧૭ વર્ષના અયોધ્યાપ્રસાદજી અને ૧૩ વર્ષના રઘુવીરજીને ગુરુ તરીકે સ્વીકારી પૂજન આરતી કરી.

સંવત ૧૮૮૨ કારતક સુદી એકાદશીના દિવસે વડતાલમાં આચાર્ય પદે ધર્મકુળની સ્થાપના કરીને પૂજન આરતી કરી. પોતાની જેમ જ રાખવાની ભલામણ કરી. પછી સત્સંગીઓ સદાય અનુવૃત્તિમાં રહેતા. બન્ને આચાર્યશ્રી કહે તેમ મોટા મોટા સંતો કરતા. જેવી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા આદર પૂજ્યભાવ રાખતા એવીજ મર્યાદાને અનુસરતા. કોઈપણ પ્રકારનો ભેદ રાખતા નહીં. બન્ને આચાર્યને ક્યારેય નાના ન માનતા. ક્યારેક નાના સંતોને બંને આચાર્યમાં દેહ ભાવ આવે ત્યારે શ્રીહરિ પ્રત્યક્ષ દર્શન આપી ઠપકો આપતા. ધન્ય છે નંદ સંતોને કે ૧૭ અને ૧૩ વર્ષની ઉંમરના સગીર વયનાં બાળકોને ગુરુપદે રાખીને સર્વોપરિ સંપ્રદાય સિધ્ધ કરી બતાવ્યો. સ્વામિનારાયણ ભગવાનના ત્યાગી-ગૃહી હોય તેને ધર્મકુળમાં સમ્પૂર્ણ આસ્થા હોય જ. ગોપાળાનંદ સ્વામીના હાથમાં બન્ને આચાર્યશ્રીના હાથ સોંપી ભલામણ કરી ત્યારે સ્વામીએ ધર્મકુળને અખંડ રાખવા વચન આપ્યું છે. સ્વામી મોટા હતા તો પણ ક્યારેય આચાર્યથી અધિક દેખાવા - પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રયાસ કર્યો નહિ. મોટા મોટા સંતો નિત્ય આચાયશ્રીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતા. અજાણતા કોઈ હરિભક્ત આચાર્યશ્રી કરતાં સ્વામીનું ક્યાંક વધુ મહત્વ આપે તો તેના પર નારાજ થઈ જઈને ઠપકો આપતા. ધર્મકુળ તો આ સંપ્રદાયના મૂળમાં છે. મૂળ રહેશે તો શાખાઓ રહેશે. નહીંતર પાંચ પચીસ વર્ષમાં સૂકાઈ જશે. ધર્મકુળને છોડીને સંપ્રદાયમાં જેને જેને પોતાના વિચારો નો પ્રયાસ કર્યો છે તેના તેના વિચારોની લાંબી આવરદા રહી નથી. જેમ રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ઉદ્ધવ સંપ્રદાયના ઉત્તરાધિકારી કર્યા ત્યારે રામાનંદ સ્વામીના ૧૨ જેટલા અગ્રગણ્ય શિષ્યોએ સ્વામીના કાર્યનો સ્વીકાર ન કર્યો. અને તેમાંના કેટલાકે પોતાના અંગત વિચારોનો વિસ્તાર કરવાનો પ્રયાસ કર્યો પણ લાંબો ચાલ્યો નહીં, છેવટે વિસર્જન થયું. નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમ પ્રકાશમાં લખ્યું કે ધર્મકુળ સંપ્રદાયનું મૂળ છે. ધર્મકુળનું પૂજન કરવાથી મહારાજ અને ધર્મકુળ બેઉ રાજી થાય. સંપ્રદાયના ઈતિહાસમાં અત્યાર સુધીની સગીર વયે આચાર્યપદે સ્થાપના કરવાના ઘણા સંજોગો બન્યા છે. તેમાં અમદાવાદ નરનારાયણદેવની ગાદી પર ચોથા આચાર્યપદે વાસુદેવપ્રસાદજી મહારાજને અઢી વર્ષના હતા ત્યારે આચાર્ય પદે બેસાડ્યા હતા. ધન્ય છે તે સમયના સંતો-હરિભક્તોને લાખ લાખ વંદન કરીએ. ધર્મકુળની પરંપરા જાળવી રાખવા અઢી વર્ષના આચાર્યશ્રીને પૂજ્યા.

ઉંમર દેહના ભાવ હોવા છતાં શ્રીજી મહારાજના દીકરા માનીને સાચવી રાખ્યા. આ સંપ્રદાય તત્કાલીન સંતો હરિભક્તોનો ઉપકાર ક્યારેય નહિ ભૂલે. ભગવાનના વચને સત્ય માને એજ સાચો સત્સંગી. વળી વડતાલના ઈતિહાસમાં પ.પૂ.ધ.ધુ. લક્ષ્મીપ્રસાદજી મહારાજને ૭ વર્ષે ગાદીએ બેસાડ્યા. ધન્ય છે, વડતાલવાસી સંતો-હરિભક્તોને કે ૭ વર્ષના આચાર્યશ્રી પ્રત્યે ભગવત્ ભાવને રાખવા શ્રીજી મહારાજે બળ આપ્યું. આજકાલ તો લોકો પોતાને સર્વે સર્વા સર્વથી અધિક અને મોટેરા માને છે. તેમાંય વળી પાંચ પચીસ પ્રસંશક પૂજકો મળી આવે પછી તો શું કહેવું ? ત્યાગી ગૃહીનો કોઈ મેળ નથી. જેની સમજણ મોટી એ મોટો એવા શ્રીહરિના વચન છે. મહારાજના વચનના આધારે ધર્મકુળ ધર્મવંશી આચાર્યશ્રીમાં ભગવાન જેવી ભાવના આદર પૂજ્યભાવ રાખીને આજ્ઞામાં રહે તેને સમજણવાળો જાણવો. એવી સમજણવાળો સત્સંગી મોટો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને તા. ૧૫-૧૦-૨૦૦૪ ના શુભ મંગળ દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ગાદી પદારુઢ કરી નિવૃતિ લઈને સ્વામિનારાયણ મ્યુઝિયમ બનાવ્યું. તો પ.પૂ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને દેશ-વિદેશમાં મૂળ પરંપરાની સામે અનેક સ્પર્ધાઓની ચેલેન્જને પહોંચી વળવા પલાંઠી વાળી બેઠા નહિ. સતત દેશ-વિદેશમાં વિચરણ શરૂ કર્યું. વિચરણને મંત્ર માનીને એક પણ દિવસને પોતાના અંગત કામોમાં ન ફાળવતાં સત્સંગને અર્થે આપ્યા. ૨૦૧૪ માં કલોલ પંચવટી મંદિર તરફથી ૪૨ મો જન્મોત્સવ તા. ૪ ઓકટોબરે ઉજવાઈ રહ્યો છે ત્યારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કાલુપુર મંદિરમાં કાર્યક્રમોની ડાયરી તપાસતાં વિચરણના આકડાંઓ જે મંદિરના કાર્યક્રમોની નોંધણી રાખતા સ્વામિનારાયણ માસિકના વહિવટ કર્તા ઘનશ્યામભાઈ ચાવડા પાસેથી તિથિ વાર તારીખ સમયને ગામ સહિત રેકોર્ડ મેળવ્યો છે. તેમાં ભારતના ગામડાઓમાં પ્રતિષ્ઠા, પાટોત્સવ, શાકોત્સવ, સત્સંગ સભાઓ ના બહાને કુલ સપ્ટેમ્બર ૨૦૧૪ સુધીમાં ૧૨૪૯ ગામોમાં દશ વર્ષમાં પ.પૂ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા છે. (આમાં અમદાવાદ સીટીની દૈનિક પધરામણીઓ સિવાય) તથા વિદેશોમાં કુલ મળીને ૮૩ વાર પધારીને સત્સંગ વિચરણ કર્યું છે. તેના ફળ સ્વરૂપે સત્સંગમાં ખૂબજ જાગૃતિ આવી છે. તદુપરાંત નવા નવા સત્સંગ કેન્દ્રો શરૂ થયા છે. દેશમાં શિખરબધ્ધ મંદિરો ૧૨, હરિ મંદિરો ૧૫૩ તથા વિદેશમાં ૨૧ મંદિરોના નિર્માણ છેલ્લા દશ વર્ષમાં થયાં છે. કુલ સરવાળો ૧૮૯ મંદિરોના નિર્માણ થયાં. પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વચનમાં અનુવૃત્તિ રાખીને સત્સંગને ખૂબજ પોષણ કર્યુ છે અને કરી રહ્યાં છે. સંતોને પ્રેરણા આપી આપીને દેશના ગામડાઓમાં સત્સંગ જાગૃતિના કાર્યક્રમો કરાવીને ગામડાઓનો સત્સંગ નવ પલ્લવિત કરી રહ્યા છે. પાટોત્સવ, શાકોત્સવ સત્સંગ સભાઓ, મંદિરોના નિર્માણ, જીર્ણોધ્ધાર, પ્રસાદીના સ્થળોના જીર્ણોધ્ધારના માધ્યમથી ગામડાઓમાં સત્સંગમાં નવી ચેતના મળી રહી છે. હજી પણ કેટલાક ગામોમાં શિથિલતા નજરે પડે ત્યાં નવા નવા આયોજન ઉત્સવોના માધ્યમથી કરાવી રહ્યા છે. વળી, પોતાના જન્મોત્સવના નિમિત્તે પણ ઉત્સવ ઉજવવાની અનુમતિ આપીને આચાર્ય પદની ગરિમાનો પ્રચાર કર્યો. શ્રી ઘનશ્યામ મહારાજની જન્મ ભૂમિ છપિયામાં જન્મ સ્થાન મંદિર જર્જરિત થવા પામ્યુ ત્યારે મહંત સ્વામી બ્રહ્મચારી વાસુદેવાનંદજીને આજ્ઞા કરીને સંપ્રદાયની સર્વશ્રેષ્ઠ સ્થાન જન્મ ભૂમિ સ્થાનમાં ભવ્ય દિવ્ય અલૌકિક ભક્તિધર્મ ભુવન મંદિર ઘનશ્યામ મહારાજની મૂર્તિ અને પુરાતની પ્રસાદીની ઘરની જગ્યાને યથાવત રાખીને નિર્માણ કરાવવાનો પ્રારંભ કરાવ્યો છે. જે આગામી એકાદ બે વર્ષમાં પૂર્ણ થશે. મોટા ભગવાન ઘનશ્યામ મહારાજની ગરિમાને શોભે એવું વિશાળ ધર્મભક્તિ ભુવન મંદિર નિર્માણ થશે. સત્સંગ વિકાશમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ૮૩ વાર વિદેશના પ્રવાસ કરીને જ્યાં જ્યાં હરિભક્તો થોડી ઘણી સંખ્યામાં વસે છે ત્યાં ત્યાં વગર નિમંત્રણે પધારે છે. જ્યાં મંદિરની આવશ્યકતા છે ત્યાં મંદિર બનાવવાની આજ્ઞા કરે છે અને જ્યાં સત્સંગ કેન્દ્રના માધ્યમથી સાપ્તાહિક સભા શરૂ કરાવીને મૂળ સંપ્રદાયના સિદ્ધાંતો સાચવવા સત્સંગ સભાઓ થાય છે.

યુરોપ, યુ.કે., અમેરિકા, આફ્રિકા, મિડલઈસ્ટ, કેનેડા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, સિંગાપોર, થાઈલેન્ડ, ફીઝી છેલ્લા દશ વર્ષમાં દુનિયાના ૧૭ દેશોમાં સમય ફાળવીને જ્યાં જ્યાં એકાદ - બે પાંચ હરિભક્તો હોય ત્યાં પણ જઈને સત્સંગ સભાઓ ચાલુ કરાવી રહ્યા છે. એક માત્ર સત્સંગ પ્રચારનો ઉદ્દેશ રાખીને વિચરણ કરી રહ્યા છે, ક્યાંક ભાડાની પ્રોપર્ટી રાખીને મંદિરો કરાવી રહ્યા છે. ઉત્તર કેનેડામાં જ્યાં હાલમાં હજારોની સંખ્યામાં ભણેલા વિદ્યાર્થીઓ નોકરી માટે દર વર્ષે આવી રહ્યાં છે. ત્યાં

સમયપર પહોંચીને સત્સંગ કેન્દ્રો ચાલુ કર્યા છે. તદુપરાંત રાજસ્થાન મારુ દેશ મારવાડ વાલી પ્રદેશના ગામોમાં નંદ સંતોના સમયથી સત્સંગ છે. વાલીમાં શિખરબધ્ધ મંદિર છે અને બીજા ૧૫ હરિમંદિરો છે. અને ૩૫ જેટલા નાના મોટા ગામો (ઢાણી)માં સત્સંગીઓ વસે છે. જ્યાં નરનારાયણદેવ ગાદીના ચુસ્ત અનુયાયી છે ત્યાં છેલ્લા એક વર્ષથી એક પછી એક ગામોમાં સભાનું આયોજન વાલી મંદિરના સંતો દ્વારા કરાવીને બધા જ ગામોમાં દર વર્ષે એક સમૈયો ઉજવાય એવો પ્રારંભ કરાવી દીધો છે સુવિધાઓનો અભાવ, કાચા રસ્તાઓ હોવા છતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને મન તો અમેરિકા અને મારવાડ બન્ને સમાન છે. ઉતારામાં વ્યવસ્થામાં "ચાલશે" એ શબ્દ આવેજ. હજી પણ આગામી વર્ષોમાં શિથિલ થયેલા ગામોમાં સત્સંગની જાગૃતિ લાવવા વિશેષ મહત્વ આપશે. એવું અનેકવાર જાહેર સભાઓમાં બોલે છે. વહીવટી બાબતે નરનારાયણદેવ ગાદી સ્થાન મુખ્ય મંદિર સાથે અખંડિત જોડાણ રહે તે માટે અન્ય સંસ્થાઓના બંધારણમાં સુધારો કરાવવાનો આગ્રહ રાખે છે. બંધારણ એક હશે તો સંપ્રદાયમાં એકતા રહેશે. નહિતર ભવિષ્યમાં સંસ્થાઓ રજવાડા બની જશે અને રાજાઓના રજવાડાની જેમ વિસર્જન પણ થવાની શંકા પણ સતાવી રહી છે. એવી સંસ્થાઓને વહીવટદારોને પ્રેમથી સમજાવીને એકતા કરવા પ્રયાસ સતત કરી રહ્યા છે. જેમાં મોટા ભાગના વહીવટદારો પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વિચારોની સાથે સહમત થયા છે.

શ્રી નરનારાયણદેવનું કચ્છ ભૂજમાં મારબલથી નિર્મિત વિશ્વનું સર્વથી વિશાળ અદ્‌ભત ગંગનચુંબી નવ્ય ભવ્ય મહામંદિર ભૂજ મંદિરના સંતો પાસે નિર્માણ કરાવ્યું. હાલમાં અંજારમાં પણ એવું જ ભવ્ય મંદિરનું બાંધકામ ચાલું છે. વળી ભક્ત મીરાની ભૂમિ મેવાડ પ્રદેશમાં ધરિયાવાદમાં ભવ્ય મંદિર જેતલપુર મંદિરના મહંત આત્મપ્રકાશદાસજી પાસે નિર્માણ કરાવ્યું. જેનો આજે અસંખ્ય આદિવાસી ભક્તો સત્સંગ કરવા દર્શન કરવા આવે છે.

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અમદાવાદમાં ભવ્ય સ્વામિનારાયણ મ્યુઝિમય બનાવ્યું. તેમાં પૂ. મોટા મહારાજશ્રી એ આચાર્ય મહારાજશ્રીના માર્ગદર્શન મુજબ આયોજન કરાવીને આચાર્યપદની ગરિમા વધારવા પ્રયાસ કરીને પ.પૂ. મોટા મહારાજશ્રીએ સત્સંગીઓને સંદેશ આપ્યો કે જે કંઈ સેવા કરવી તે આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને માર્ગદર્શન મુજબ કરવી. પ.પૂ. મોટા મહારાજશ્રીની પોતાની આગવી સૂજ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે છતાં જાહેરમાં કહે કે હું તો આચાર્ય મહારાજશ્રી કહે એમ અને કહે એજ કરીશ અને કરતો રહીશ.

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને ગાદીપદારુઢ થયે દશ વર્ષ પૂર્ણ થતાં સંતો-હરિભક્તોના સાષ્ટાંગ દંડવત સહિત કોટી કોટી વંદન.

તથા ૪૨ મો જન્મોત્સવ ૪૨ ઉત્તર ગુજરાત સત્સંગી સમાજના યજમાનપદે કલોલ પંચવટી ઉજવવાની અનુમતી આપી એ બદલ ૪૨ સમાજના સત્સંગીઓ આપના અને નરનારાયણદેવની ગાદીના સદાય ઋણી છીએ. આપે અમારા સમાજ પર ખૂબજ મોટો ઉપકાર કર્યો છે.

## દીપોત્સવી કાર્યક્રમ

આસો સુદ-૯ ને શુક્રવાર તા. ૩-૧૦-૧૪ ના રોજ પુષ્ય નક્ષત્ર હોવાથી ચોપડા ખરીદવા મુહૂર્ત સારું છે.

**ધનતેરશ :** આસો વદ-૧૩ મંગળવાર તા. ૨૧-૧૦-૨૦૧૪ મહાલક્ષ્મીપૂજન બપોરે ૩-૧૬ થી ૪-૪૨ તથા સાંજે ૯-૦૦થી ૧-૫૦ કલાકે

**કાળી ચૌદશ :** આસો વદ-૧૪ બુધવાર તા. ૨૨-૧૦-૨૦૧૪ હનુમાનજી મહારાજનું પૂજન સાંજે ૬-૪૫ કલાકે

**દિવાળી :** આસો વદ-૩૦ ગુરુવાર તા. ૨૩-૧૦-૨૦૧૪ **સમૂહ શારદાપૂજન-ચોપડા પૂજન** સાંજે ૬-૪૫ કલાકે અમદાવાદ કાલુપુર મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સમૂહ શારદા પૂજન વિધિવત રીતે સંપન્ન થશે.

**નૂતનવર્ષ : સં. ૨૦૭૧** કારતક સુદ-૧ શુક્રવાર તા. ૨૪-૧૦-૨૦૧૪ **ગોવર્ધન પૂજા**

**મંગળા આરતી સવારે : ૫-૦૦ કલાકે**
**શણગાર આરતી સવારે : ૬-૩૦ કલાકે**
**રાજભોગ આરતી સવારે : ૧૨-૦૦ કલાકે**
**અન્નકૂટ દર્શન બપોરે : ૧૨-૦૦ થી ૩-૩૦ સુધી**
**શ્રીહરિના ક્કા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે થશે.**

નૂતન વર્ષના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કાલુપુર મંદિરમાં પોતાની બેઠકમાં સૌ ભક્તજનોને દર્શન આપશે.

સૂચના : સમૂહ શારદા પૂજનમાં લાભ લેનાર ભક્તોએ પોતાના ૨ ચોપડા લાલ કલરના કપડામાં સરનામું, ફોન, મોબાઈલ નંબર લખીને કોઠાર ઓફિસમાં રૂા. ૪૦૦/- ભરીને પહોંચ અને નંબર મેળવી લેવો.

(શ્રી કમલેશભાઈ ગોર)

# પ્રસાદીના પત્રોનું આચમન

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

**મૂળ પત્ર :**

લિખાવિતં સ્વામી શ્રી ૭ સહજાનંદજી મહારાજ જત શ્રી અમદાવાદ મધ્યે સાધુ સર્વજ્ઞાનંદજી તથા ભક્ત રૂપચંદ નારાયણ વાંચજો. બીજું લખવા કારણ એમ છે જે શ્રી ડુંગરપુરથી તમ પર હુંડી આવે તો તમો રૂપૈયા ૨૦૦/- બસો સુધીની તમો શકારી (સ્વીકારી) દેજો ને પછી અત્ર જવાબ લખજો. તે તમો કેશો તો અમદાવાદ તુરત મોકલશું ને કેશો તો અત્ર અયોધ્યાપ્રસાદને ભરશું. સંવત ૧૮૮૬ ના પોષ વદી ૧૧ લિખિતં શુકમુનિના નારાયણ વાંચજો ॥ બીજું કેસર શ્રીકાર સુધુધજ (શુધ્ધ જ) દેવ સેવામાં કામ આવે એવું ચટકીદાર સેર ૧ મોકલજો. જરૂર મોકલજો. ને તેના રૂપૈયા જેટલા થાય તે લખી મોકલજો. લખશો તેને તુરત અપાવશું. બીજું એ કેસર કોઈ સરકાર દરબારી મોટું માણસ છે તેને દેવા સારું મંગાવ્યું છે તે જાણજ્યો. ॥ બીજું નિર્વિકારાનંદ સ્વામિ તમો યજ્ઞવલ્ક્ય સ્મૃતિનો આચારારધ્યાય મિતાક્ષરી ટીકા જુક્ત શુદ્ધ મલે તો તપાસ કરાવીને જરૂર મોકલજો. એનું અમારે અવશ્ય કામ છે માટે લખ્યું છે. ॥શ્રીઃ॥

**વિવરણ :** આ પત્ર સ્વયં પરાત્પર પરમાત્મા શ્રી સહજાનંદ મહારાજશ્રીએ તેમના જમણા હાથ સમાન વિદ્વાન સ.ગુ. શ્રી શુકાનંદ મુનિ પાસે લખાવડાવ્યો છે. શ્રીહરિએ સ્વધામગમન કર્યું તેના ગણતરીના મહિનાઓ પહેલાં જ આ પત્ર લખાવેલ છે.

અમદાવાદ શ્રી નરનારાયણદેવ મંદિરના આદિ મહંત સ.ગુ. શ્રી સર્વજ્ઞાનંદજીની નિમણુંક - મહંતાઈનો હાર સ્વયં મહાપ્રભુએ પોતે પહેરાવ્યો હતો. ભજન ભક્તિમાં સદાય નિમગ્ન રહેતા આ સંતો ક્યારેય સ્ત્રી અને ધનનો સ્પર્શ શુધ્ધાં કરતા નહિ. વટીવટ તો શ્રીજી આજ્ઞાને શિરોમાન્ય કરીને સંભાળતા પરંતુ વ્યવહાર કાર્યને વિષે ધનાદિના પ્રસંગોને ઉકેલવા સારુ હરહંમેશ એક નિષ્ઠાવાન અને પ્રમાણિક સત્સંગી જે વ્યવહાર કુશળ હોય તેને સાથે રાખતા. તે વખતે ભક્ત રૂપચંદજી સ્વામી ભેળા સેવામાં હશે તેથી તેઓ બંન્નેને ઉદ્દેશીને આ પત્ર લખાવ્યો હોવાનું જણાય છે.

સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર અમદાવાદમાં શ્રી નરનારાયણદેવનું થયું. જે સંકલ્પ અક્ષરધામમાંથી લઈને શ્રીહરિ આ બ્રહ્માંડમાં આવ્યા હતા. તેમાંના પ્રથમ સંકલ્પ મંદિર નિર્માણની પરિપૂર્તિ અમદાવાદથી કરવામાં આવી. અને ત્યાર પછી અન્ય સ્થળોએ પણ મંદિર નિર્માણ કર્યા. આ મંદિરોમાં ભગવત્‌સ્વરૂપો જે પધરાવવાનાં હતાં તે સ્વરૂપોની મૂર્તિઓ ડુંગરપુરથી સારી મળતી તેથી ત્યાંથી લીધેલી મૂર્તિઓ વિગેરે માટેની હુંડી સ્વીકારવાની વાત આ પત્રમાં છે.

ધનના લેણદેણે કરીને કેવી સ્પષ્ટતા રાખવી જોઈએ તે હરિભક્ત માત્રે આ પત્રમાંથી શિખવું. શ્રીહરિ લખાવે છે કે રૂા. ૨૦૦/- સુધીની હુંડી 'સ્વીકારશો'. અહીં ઉલ્લેખનીય છે કે રકમનો ચોક્કસ આંકડો હંમેશા લખવો જરૂરી છે, બીજું રકમ આંકડામાં અને શબ્દોમાં પણ લખવી જ. તદ્‌ઉપરાંત 'સ્વીકારશો' શબ્દમાં વિનંતી - **Request** નો ભાવ છે. હુકમ **Order** નથી. મોટા સત્પુરુષની આ લાક્ષણિકતા છે કે અન્ય નાની વ્યક્તિને ખૂબ માનથી બોલાવી તેને વિનંતી કરે છે. જે મુમુક્ષુઓ અત્યારે પણ મોટા મહારાજશ્રી કે મહારાજશ્રીના યોગમાં આવ્યા છે તેમને અનુભવ હશે જ કે, તેઓશ્રી જ્યારે નાના બાળકને પણ બોલાવે છે ત્યારે હંમેશા તેને બહુવચનમાં જ સંબોધે છે તુંકારો ક્યારેય કરતા નથી. તેઓ તેના જીવ સામુ જુવે છે તેની અવસ્થાને નહિ.

આવી વિનંતી બાદ તેઓ લખાવે છે કે હુંડી સ્વીકારીને પછી અત્રે જવાબ લખજ્યો અર્થાત્ **money receipt** નાણાં લીધા - ચૂકવ્યાની પહોંચ ખૂબજ જરૂરી છે. નાણાંકીય લેવડદેવડના આ શિરસ્તા આ જીવના હિતને અર્થે છે. આપણે પણ આ બધું શીખવું જરૂરી છે. ત્યારબાદ ચીવટતા પૂર્વક, ખાતરીપૂર્વક તેઓશ્રી લખાવે છે કે તે અમે 'તુરત' ભરી દેશું. કોઈનું પણ કરજ રાખવું નહિ. અને તેનું લેણું વહેલામાં વહેલી તકે ચૂકતે કરી દેવું તે નાણાં લેનારની ફરજ છે. જો શ્રીહરિના આ પગલે આ જગત અત્યારે ચાલે તો, વિવાદ-ઝઘડાનું પ્રમાણ તદ્દન નહિવત થઈ જાય. પણ

અવળચંડાઈને લીધે આ જીવ તેમ કરતો નથી. લોભ-માયા-અહમ આદિક તેને તેમ કરવા દેતા નથી તેથી તે દુઃખને પામે છે. કોઈની પાસેથી આપણે જ્યારે પૈસા લીધા હોય ત્યારે આપણી સૌથી પહેલી **Priority** પસંદગી તેને તેના પૈસા ચૂકવી દેવાની અચૂક રાખવી. જે હરિભક્તનો વ્યવહાર માર્ગ શુદ્ધ હોય તેને અન્ય મુશ્કેલીઓ નડતી નથી.

વળી આ રકમ પરત કરતી વખતે લેનારે, નાણાં આપનારની અનુકુળતાનો અચૂક ખ્યાલ રાખવો. શ્રીહરિ તેમને **Option** પસંદગી આપતાં જણાવે છે કે, તમે કહો તો અમદાવાદ મોકલી દેશું અથવા તો તમારી અનુકૂળતા હોય તો અયોધ્યાપ્રસાદજીને ભરશું. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી શ્રી નરનારાયણદેવ દેશના આદિ આચાર્યશ્રી હતા. તેથી ધર્મવંશી આચાર્યશ્રીને આપેલી રકમ જે તે દેવને અચૂક પહોંચે છે. તેવી શ્રીહરિની સમજણ છે. કાળ માયાના ચક્રમાં ફસાઈને, મોહમાયાથી અંધ બનીને આપણે ક્ષુલ્લક જીવોએ દેવની રકમ અને આચાર્યશ્રીની રકમ જુદી ગણવી શરૂ કરી અને જેને સત્સંગ સાથે કાંઈ લેવા દેવા નથી તેવા સરકારી અમલદારોએ તેને બહાલી આપી ! આ આપણી કમનસીબી છે. શ્રીહરિ દેશ વિભાગના લેખમાં લખાવે છે તેમ કાંઈ વિવાદ હોય તો સારા સાધુ અને સારા હરિભક્તોએ ભેગા મળીને ઊકેલ લાવવો. જ્યારે આપણે તો તદ્દન ત્રાહિત વ્યક્તિઓ પાસેથી ઉકેલની અપેક્ષા રાખી છીએ તે સાચો અને સારો ઉકેલ તો ક્યાંથી મળે ? હરિભક્ત માત્રે નાણાંકિય લેવડદેવડમાં ધ્યાન રાખવું કે શક્ય હોય ત્યાં સુધી તે લેખિતમાં કરવી, રકમની ચોક્કસતા રાકવી, આંકડા-શબ્દોમાં પણ સ્પષ્ટ કરવી, રકમ પરત કરવાની અવધિ પણ સ્પષ્ટ કરવી - બને એટલી વહેલી તકે રકમ પરત કરી દેવી, રકમ પરત કરતી વખતે આપનારની અનુકૂળતા મુજબ તે કહે તેમ કરવાની તૈયારી રાખવી અને આ સર્વેનું પ્રમાણિકતાપૂર્વક પાલન કરવું તો ધનના પ્રસંગથી પણ બે વ્યક્તિઓ વચ્ચેની કડવાશ આવશે નહિ.

બીજું શ્રીહરિએ કેસર મંગાવ્યું છે તે પણ સમજવા જેવું છે. સરકાર કે દરબાર મોટા માણસને આપવા માટે મંગાવ્યું છે તે ખરું, પણ તેને પણ દેવ સેવામાં કામ આવે માટે આપવાનું છે. અન્ય કોઈ વ્યક્તિને જ્યારે કાંઈ આપવાનો પ્રસંગ **Gift** બક્ષિસનો પ્રસંગ આવે ત્યારે આપવામાં આવેલ બક્ષિસ લેનારને દેવ સેવામાં ઉપયોગમાં આવે તેવી ચીજ-વસ્તુ આપીએ તો આપણો વ્યવહાર નિર્ગુણ થઈ જાય. આવી ઉંચી સદ્ભાવના રાખવી. અન્ય વ્યક્તિ પાસે મંગાવવામાં આવેલી વસ્તુ શ્રીહરિ માત્ર કોઈ મનુષ્યને અર્થે મંગાવતા નથી. પરંતુ તેના દ્વારા દેવ સેવા માટે જ મંગાવે છે. સરકાર-દરબાર કે મોટું માણસ તો એક માધ્યમ માત્ર છે. તેનો અંતિમ હેતુ તો દેવસેવાનો છે. કાયદો પણ અંતિમ હેતુ **ultimate** ને ધ્યાનમાં લે છે. જ્યારે આતો સર્વેશ્વર પરમાત્મા પોતે છે તે માયિક કામ કાજમાં પડે નહિ. વળી આ કેસર દેવસેવામાં લેવાનું હોવાથી તે શુધ્ધ જ હોય તેવો પણ આગ્રહ સેવવામાં આવ્યો છે. જે તે પદાર્થની **quality** ગુણવત્તા શુધ્ધ- **Pure** જોઈએ અને તે પદાર્થની પવિત્રતા પણ એટલી જ શુધ્ધ જોઈએ તો જ તે દેવસેવામાં કામ આવે, આજે બજારમાં મળતાં બનાવટી અત્તરો કેમિકલ્સવાળા સુગંધીમાન પદાર્થો, પ્લાસ્ટીકના બનાવટો ફુલો, ભેળસેળવાળા દૂધ-ઘી-કેસર આદિ પદાર્થો દેવસેવામાં ન જ વાપરવાં. તેનાથી ઘણો મોટો દોષ લાગે છે. સંજોગોવશાત્ પ્રાપ્ત હોય તેટલા શુધ્ધ-કુદરતી પદાર્થોથી કરેલી સેવા શ્રેષ્ઠ છે. દેવસેવામાં પદાર્થો કરતાં આપણી ભાવના અગત્યની છે તે સમજવું.

વળી કોઈની પાસેથી આપણે ધર્માર્થે પણ જો કોઈ વસ્તુ મંગાવીએ તો, તેના નાણાં-મૂલ્ય જરૂરથી તાત્કાલિક ચૂકવી દેવું. શ્રીહરિ તેથી લખાવે છે કે તરુત અપાવશું, અને લખશો એટલા રૂપિયા મોકલશું. અન્ય વ્યક્તિ પાસેથી મંગાવેલી ચીજવસ્તુના મૂલ્યનું **bargaining** ભાવની રકઝક કરવી નહિ. અહીં મૂલ્ય કરતાં મેળવેલી વસ્તુ મહત્વની છે અને તે પણ જ્યારે દેવ સેવામાં વાપરવાની હોય ત્યારે તો ખાસ. દેવને અર્થે વાપરવાની ચીજવસ્તુ સારી અને શુધ્ધ જ લેવી તેની કિંમત ગૌણ રાખવી. સંપ્રદાયનો ઈતિહાસ એ બાબતની સાક્ષી પૂરે છે કે, બાળ લાલજી સ્વરૂપે મૂર્તિમાં રહેલા દેવની સેવામાં જ્યારે હરિભક્તે હલકી કિંમતનો હાર ચઢાવ્યો ત્યારે મૂર્તિએ તે હાર ફગાવી દીધેલો છે. ટૂંકાણમાં રસ્તામાં - કંજુસાઈમાં દેવ સેવા કરીને મોટા પુણ્યની આશા રાખવી નહી. પરમાત્માનું આપેલું છે ને તેમને પાછું આપવાનું હોય ત્યારે સુજ્ઞ જને લોભ મોહમાં ફસાવું નહિ.

વળી આપણે ગમે તેટલા વ્યવહાર કાર્યમાં હોય પણ પરમાત્માનું અનુસંધાન ભૂલવું નહિ. શ્રીહરિ પણ નિર્વિકારાનંદ સ્વામી પાસે મિતાક્ષરા ટીકાએ યુક્ત એવી યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિનો આચાર અધ્યાય મંગાવે છે. શિક્ષાપત્રીમાં પણ શ્રીહરિએ આ શાસ્ત્રનું ઈષ્ટપણે પ્રતિપાદન કર્યું છે. તે શાસ્ત્ર વાંચતી વખતે શ્રીહરિનો ખટકો સમજો કે 'શુધ્ધ' મળે તો તપાસ કરાવીને મોકલજો એમ લખ્યું છે. જ્યાં ક્ષેપક હોય, મૂળમાં ફેરફાર કરીને જે તે લખનારની મરજી મુજબ લખ્યું હોય તો તે સ્વીકાર્ય નથી. તેમાંથી ઘણો અનર્થ થાય. માટે શુધ્ધ-મૂળ છે તેવી તપાસ કરવાનું પણ લખ્યું છે. તપાસ કર્યા વગરનું **Investigation** કર્યા વગરનું જે મળે તે લઈ લેવાય નહિ. ગમે તે શાસ્ત્ર ગમે તેનું લખેલું વંચાય

અનુ. પેજ નં. ૧૪ પર

# ધર્મનગરી અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરનો "શતાબ્દી મહોત્સવ" ધામધૂમથી ઉજવાયો.

- સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, વડનગર)

છપૈયાધિશ બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના ચરણ કમળથી અત્યંત પાવન અને મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્ર ભગવાનની પ્રાગટ્ય ભૂમિ તેમજ સાતપુરી પૈકીની એક પાવન પુરી અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન મોક્ષમૂર્તિ શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજનો શતાબ્દી મહામહોત્સવ સં. ૨૦૭૦ ના ભાદરવા વદ-૬ તા. ૧૪-૯-૨૦૧૪ ને રવિવાર થી ભાદરવા વદ-૧૦ તા. ૧૮-૯-૨૦૧૪ ને ગુરુવાર સુધી શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી અને અયોધ્યા મંદિરના મહંત સ્વામી દેવપ્રસાદાદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીના માર્ગદર્શન તેમજ અથાગ પરિશ્રમથી પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની છત્રછાયામાં તેઓશ્રીના શુભ વરદ્ હસ્તે ધામધૂમ પૂર્વક ઉજવાયો. જેમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત "ભક્તચિંતામણી" કથા પારાયણ, શ્રી હરિયાગ, શ્રી હરિનો મહાભિષેક, શ્રી મહાનૈવેદ્ય અન્નકૂટ (છપ્પન ભોગ) અયોધ્યા સ્થિત સાધુ સંતોનો ભંડારો તેમજ સન્માન સમારંભ, ધર્મકુળ પૂજન, પોથીયાત્રા જેવા અનેક કલ્યાણકારી આયોજનો સંપન્ન થયા હતા.

આ શતાબ્દી મહોત્સવના મુખ્ય યજમાનનો લાભ આફ્રિકા નાઈરોબીના લક્ષ્મણભાઈ ગ્રુપ લી.ના પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજીભાઈ રાઘવાણી પરિવાર તથા પ.ભ. મનજીભાઈ કાનજીભાઈ રાઘવાણી, પ.ભ. કરશનભાઈ કાનજીભાઈ રાઘવાણી તથા પ.ભ. વિરજીભાઈ કાનજીભાઈ રાઘવાણી પરિવારે લીધો હતો. તેમજ સહ યજમાન તરીકેનો લાભ પ.ભ. વિરજીભાઈ મેઘજીભાઈ પિંડોરીયા પરિવારે (નાઈરોબી) લીધો હતો. આ શતાબ્દી મહામહોત્સવ અંગભૂત "ભક્તચિંતામણી" કથા પારાયણનો પ.ભ. કાન્તિભાઈ નારણભાઈ મનજીભાઈ કેરાઈ બળદીઆ (કચ્છ) નાઈરોબીવાળાએ લાભ લીધો હતો.

આ પ્રસંગે શ્રી ઠાકોરજીના અભિષેકના યજમાન પ.ભ. માતુશ્રી જશુબેન પરબતભાઈ શીયાણી પરિવારના પ.ભ. મનીષભાઈ તથા દામિનીબેન, દિવ્યાબેન, દિપક તથા અનિતાબેન, ભરત તથા વૈશાલીબેન, રીકેશ, પૌત્ર ત્રિનભ તથા રયાંશ પૌત્રી કશીશ યાહવી વિગેરે મીરજાપુરવાળા (હાલ કંપાલા યુગાન્ડા) રહ્યા હતા. તેમજ શ્રી ઠાકોરજીના સહ યજમાન પ.ભ. વિનોદભાઈ ડાહ્યાભાઈ પટેલ તથા ધર્મપત્ની ચંદ્રિકાબેન વિનોદભાઈ હ. ડૉ. કૌશલ અમદાવાદ વાળા રહ્યા હતા. આ મંગલ પ્રસંગે આફ્રિકા નાઈરોબીના પ.ભ. અ.નિ. જયરામભાઈ દામજીભાઈ પીઠડીયા પરિવાર હસ્તે અ.નિ. રજનીભાઈ જયરામભાઈ તથા પ.ભ. સુરેશભાઈ જયરામભાઈ તથા જયપ્રકાશભાઈ તથા જયકૃષ્ણભાઈ તથા પ.ભ. પ્રદિપભાઈ વિગેર પરિવારે અન્નકૂટ (છપ્પન ભોગ)નો લાભ લીધો હતો. પ.ભ. નારણ લક્ષ્મણ કેરાઈ (રામપર) નૈરોબી હસ્તે-કાન્તા નારણ કેરાઈ સુપુત્ર દિલન નારણ કેરાઈ તથા સુપુત્રી કાજલ નારણ કેરાઈ પરિવારના ભાઈઓએ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળના પૂજનનો આ પ્રસંગે લ્હાવો લીધો હતો. પ.ભ. પ્રેમજી લાલજી હાલાઈ (નૈરોબી) પરિવારે સંત પૂજનનો લાભ લીધો હતો.

આ શુભ પ્રસંગે હરિભક્તોના ઉતારાની સેવાનો લાભ પ.ભ. ગોવિંદ નારણ રાઘવાણી (બેન્ડ પાર્ટી) નાઈરોબીએ લીધો હતો, તેમજ સાંખ્યયોગી બાઈઓના પૂજનના યજમાન પ.ભ. મનજીભાઈ શામજીભાઈ ભુડિયા સહપરિવાર ફોટડી (લંડનવાળા) રહ્યા હતા.

આ શતાબ્દી મહોત્સવ અંગભૂત શ્રીહરિયાગના યજમાન પદે પ.ભ. નાથજીભાઈ ઈચ્છારામ શુકલ શિષ્ય મંડળ હ. પ.ભ. વિભાકરભાઈ ત્રિવેદી રહ્યા હતા. વિપ્ર બટુકોને યજ્ઞોપવિત તેમજ ગૌપૂજન યજમાન પ.ભ. પ્રેમજીભાઈ દેવજીભાઈ વેકરીયા પરિવાર નારણપર-કચ્છ (નૈરોબી) રહ્યા હતા. તેમજ પ.ભ. વીરજીભાઈ કાનજીભાઈ રાઘવાણી - નૈરોબી વીડીયો શુટીંગ અને ડી.વી.ડી.ના યજમાન પદે સેવા કરી હતી.

આ શતાબ્દી મહોત્સવ પ્રસંગે કથા પારાયણના વક્તા સ.ગુ. મહંત શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાજી (જમીયતપુરા) તથા સ.ગુ. કોઠારી શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી (વડનગર) એ વ્યાસાસને બિરાજી

સંગીત સુરાવલી સાથે 'શ્રી ભક્તચિંતામણી'ની કથાનું રસપાન કરાવી શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ શતાબ્દી મહોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે હજૂરી પાર્ષદ વનરાજ ભગત તથા પાર્ષદ યોગેશ ભગત તથા સંદીપભાઈ ચોકસી, મહાદેવભાઈ, જગજીવનભાઈ, જયંતીભાઈ તથા રઘુભાઈ પટેલ તથા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની સેવા ભાવી ટીમ વગેરે હરિભક્તોએ પણ સારી સેવા કરી હતી.

મહોત્સવના પ્રથમ દિવસે અયોધ્યાના પ્રખ્યાત શ્રી હનુમાનગઢી મંદિરેથી ધામધૂમથી પોથીયાત્રા વાજિંત્રો સાથે અયોધ્યાના રાજમાર્ગો ઉપર પસાર થઈ સંતો, હરિભક્તો સાથે શ્રી સ્વામિનારાયણ મંદિરે આવી હતી. અયોધ્યા મંદિરના વિશાળ ચોકમાં ભવ્ય મંડપમાં પોથીયાત્રાનું દબદબા પૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જયનાદ સાથે પોથી વ્યાસપીઠ ઉપર પધરાવવામાં આવી હતી. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના શુભ વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરી 'શતાબ્દી મહોત્સવ'નો શુભારંભ કર્યો હતો. દીપ પ્રાગટ્યમાં અયોધ્યા મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, છપૈયા મંદિરના મહંત સ.ગુ. બ્ર. સ્વા. વાસુદેવાનંદજી તથા જૂનાગઢના જે.પી. સ્વામી તથા ગઢડાના સ.ગુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી વિગેરે સંતો-મહંતોની ઉપસ્થિતિ હતી. દીપ પ્રાગટ્ય સમયે વિદ્વાન ભૂદેવ મુળીના શ્રી જીતેન્દ્રભાઈ તથા અયોધ્યાના ભૂદેવ શાસ્ત્રી સંદેશ તિવારીએ મંત્રોચ્ચાર વિધિ કરી હતી. ત્યારબાદ ગ્રંથ અને બંન્ને વક્તાશ્રીઓનું પૂજન આરતી કરી પ.પૂ. મોટા મહારાજશ્રીએ કથા પારાયણનો શુભારંભ કરાવ્યો હતો. સંહિતા પાઠના વક્તાપદે સ.ગુ. સ્વામી અજયપ્રકાશદાસજી (મુળી) બિરાજયા હતા. આ પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત સ્વામીના પ્રતિનિધિ તરીકે સ.ગુ. શા.સ્વા. નારાયણમુનિદાસજી તથા શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી ઉપસ્થિત રહ્યા હતા.

કથા પારાયણના શુભારંભ બાદ વિવિધ યજમાનશ્રીઓ દ્વારા પ.પૂ. મોટા મહારાજશ્રીનું પુષ્પમાલા વડે પૂજન કરી આરતી ઉતારી જયજયકાર પ્રવર્તાવ્યો હતો. પ્રથમ દિવસે સવારે સભાપતિ વડનગર મહંત શાસ્ત્રી નારાયણવલ્લભદાસજીએ અયોધ્યામાં બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના ઐશ્વર્યો અને બાળલીલાઓ તેમજ ધર્મનગરી અયોધ્યાનો મહિમા વર્ણન કરી શ્રોતાઓને 'શતાબ્દી મહોત્સવ'ની માહિતી આપી હતી. ત્યારબાદ અયોધ્યા મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદાસજી તથા સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી તથા સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી (મુળી) તથા સ.ગુ. જે.પી. સ્વામી (મુળી) તથા છપૈયા મંદિરના મહંત સ.ગુ. બ્ર. સ્વામી વાસુદેવાનંદજીએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પુષ્પમાળાથી સ્વાગત કરી રાજીપો પ્રાપ્ત કર્યો હતો. ત્યારબાદ પ્રથમ દિવસે સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી તથા છપૈયા મંદિરના મહંત સ.ગુ. બ્ર. સ્વા. વાસુદેવાનંદજી એ મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજીની સેવાઓને બિરદાવી હતી. શતાબ્દી મહોત્સવના મંગલ શુભારંભે મંગલ આશીર્વાદ આપતાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રીહરિના શબ્દો ટાંકતાં જણાવ્યું હતું. કે, શ્રીજી મહારાજ ધર્મકુળને 'અયોધ્યા વાસી' કહીને જ બોલાવતા જે બાબતનું આજે પણ અમોને ખૂબ ગૌરવ છે. સાથે સાથે અયોધ્યા મંદિરનો જૂનો ઈતિહાસ વર્ણન કરી સૌ સંતો હરિભક્તોને માહિતી આપી, શતાબ્દી મહોત્સવનું ખૂબજ સુંદર આયોજન બિરદાવી અયોધ્યા મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદજીની વહિવટી કુશળતા અને સેવા બદલ શુભાશીર્વાદ સહ અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ કથાના સવારના વક્તા સ.ગુ. શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીએ કથાનો મંગલ પ્રારંભ કર્યો હતો.

આ પ્રસંગે ભુજથી લગભગ ૩૦ જેટલા સંતો પધાર્યા હતા. જેમાં સ.ગુ. સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી તથા સ.ગુ. સ્વામી ભક્તિકિશોરદાસજીએ અગાઉથી ૩૦ જેટલા કચ્છી યુવાનોને લઈ સેવા કરવા માટે પહોંચ્યા હતા. તેમજ છપૈયા મહંત સ.ગુ.બ્ર.સ્વા. વાસુદેવાનંદજી, અલ્હાબાદ મહંત સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજી, નાથદ્વારા મહંત સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી, જેતલપુર મહંત સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી (કે.પી. સ્વામી), જૂનાગઢના સ.ગુ. જે.પી. સ્વામી તથા સ.ગુ. શા. સ્વા. કુંજવિહારીદાસજી, ગઢડાના સ.ગુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા સ.ગુ. સ્વામી. વિશ્વસ્વરૂપદાસજી તથા અમદાવાદના સ.ગુ સ્વા. સુખનંદનદાસજી તથા શા. વિશ્વસ્વરૂપદાસજી, મુળીના સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી, સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, લીંબડી મહંત સ.ગુ. શા.સ્વા. જ્ઞાનવલ્લભદાસજી, સી.પી. સ્વામી મુળી, અમદાવાદથી અયોધ્યા મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજીના ગુરુભાઈ સ.ગુ. સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી તથા ગઢડાના માધવપ્રસાદદાસજી વિગેરે સંતો તેમજ મુળીથી પાર્ષદ ભરત ભગત, વિગેરે એ અગાઉથી અયોધ્યા આવી વિવિધ સેવાઓ સંભાળી શતાબ્દી મહોત્સવની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે બાપુનગરથી સ.ગુ. સ્વામી લક્ષ્મણજીવનદાસજી પણ અગાઉથી સંત મંડળ સાથે પધાર્યા હતા. તેમજ વડતાલ અને બનારસના પણ સંતો પધાર્યા હતા. શતાબ્દી મહામહોત્સવ પ્રસંગને અનુલક્ષી અયોધ્યાના અગ્રગણ્ય મહામંદિરોના મઠાધિશો અર્થાત્ મહંતો સાધુ

સંતોના તા. ૧૬-૯-૨૦૧૪ ના રોજ ભવ્ય ભંડારા અને સન્માનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં છોટી છાવણીના મહંત પૂજ્ય શ્રી નૃત્ય ગોપાલદાસજી, હનુમાન ગઢીના મહંત પૂ. શ્રી સંતરામદાસજી, મહંત શ્રી ભવનાથદાસજી, મહંત ધર્મદાસજી, પૂ. શ્રી રાજકુમારદાસજી, સ્વામી વિજયદાસજી, પૂ. મહંત બલરામદાસજી વિગેરે ૧૦૦ જેટલાં સંતો-મહંતોનું વિશાલ મંચ ઉપર પ.પૂ. મોટા મહારાજશ્રીએ ફૂલહારથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મહંત પૂ. નૃત્ય ગોપાલદાસજીએ અયોધ્યામાં શ્રી સ્વામિનારાયણ મંદિરનું મહત્વ તેમજ વિશ્વના ફલક ઉપર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ‘સર્વજીવ હિતાવહ’ પરોપકારી કાર્ય બિરદાવી અયોધ્યાવાસીઓને આ મહોત્સવમાં પૂર્ણ સહકાર આપવાનો અનુરોધ કર્યો હતો. તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે સૌ અયોધ્યાના મહંતો-સંતોનો શાબ્દીક શબ્દો દ્વારા સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, ‘સ્વામિનારાયણ સંપ્રદાયને અયોધ્યા સાથે ખૂબ જૂનો સંબંધ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ સ્વરૂપે અહી અનેક કલ્યાણકારી બાળલીલાઓ કરી અયોધ્યા તીર્થધામને તીર્થત્વ આપી પાવન કર્યું છે, તેમજ શ્રી હનુમાનગઢીમાં બિરાજમાન શ્રી હનુમાનજી મહારાજ તો અમારા (સરયૂપારી સામવેદી બ્રાહ્મણ) કુળદેવતા છે. આ રીતે અયોધ્યા સાથે અમારો જૂનો સંબંધ છે. આપ સર્વે અયોધ્યાવાસી સંતો, મહંતોએ આ શતાબ્દી મહોત્સવ પ્રસંગે પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી તે બદલ આપ સર્વેને અમારા અનેકાનેક હાર્દિક ધન્યવાદ. ત્યારબાદ કથાનો વિરામ થયો હતો, અને સંતો-મહંતોને મિષ્ટ ભોજન પ્રસાદથી તૃપ્ત કર્યા હતા.

આ શતાબ્દી મહામહોત્સવ પ્રસંગે કથા પારાયણના પ્રથમ દિવસે વક્તા મહોદય સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી (વડનગરવાળા) એ શ્રી ઘનશ્યામ જન્મોત્સવની સુમધુર કથા વર્ણન કરી શ્રોતાઓને મંત્ર મુગ્ધ કર્યા હતા, તેમજ ‘શ્રી ઘનશ્યામ જન્મોત્સવ’ હરિભક્તો અને સંતોએ ધામધૂમથી રાસ-ગરબા સાથે આનંદવિભોર થઈ ઉજવ્યો હતો. તેમજ આ મંગલ પ્રસંગે સમૂહ મહાપૂજા અને શ્રીહરિયાગનું પણ કલ્યાણકારી આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેનો શુભારંભ અને પૂર્ણાહુતિ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વેદમંત્રોચ્ચાર સાથે ધામધૂમથી કરવામાં આવી હતી. જેનો લાભ ઉપસ્થિત યજમાનશ્રીઓ અને સંતો-હરિભક્તોને પ્રાપ્ત થયો હતો.

આ શતાબ્દી મહોત્સવ પ્રસંગે ૧૧૧ જેટલા સંતો ધામોધામથી પધાર્યા હતા. તેમજ ૫૦ જેટલા પૂ. સાંખ્યયોગી બાઈઓની પણ હાજરી હતી. સાથે સાથે આ મહામહોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ સતત ત્રણ દિવસ હાજરી આપી પૂ. સાંખ્યયોગી બાઈઓ તેમજ સત્સંગી બહેનોની શ્રદ્ધા ભક્તિ વધારી હતી. આ મહોત્સવના શુભારંભે તા. ૧૪-૯-૨૦૧૪ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પૂ. મોટા ગાદીવાળાશ્રી તથા સમસ્ત ધર્મકુળ પરિવાર તરફથી ધર્મકુળ કુળદેવતા શ્રી હનુમાન ગઢીમાં બિરાજમાન શ્રી હનુમાનજી મહારાજને ‘રાજભોગ’ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે અમદાવાદ, બાપુનગર, નવાવાડજ, મેઘાણીનગર, બળોલ (ભાલ), ટીંબા, કચ્છ, સુરેન્દ્રનગર વિગેરે ગામોમાંથી ભાઈ-બહેનો સ્વયં સેવક તરીકે સેવા કરવા આવ્યા હતા. તેમને પણ પ.પૂ. મોટા મહારાજશ્રીએ રાજીપાના હાર પહેરાવી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે વડનગરથી મહંત સ્વામી સાથે પ.ભ. બારોટ મહેન્દ્રભાઈ શંકરલાલ તથા પ.ભ. ભીખાભાઈ મફતલાલે પણ સ્વયં સેવક તરીકે સેવા આપી ફરજ બજાવી હતી.

શતાબ્દી મહોત્સવની પૂર્ણાહુતિ ના મંગલ દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજનો મહાભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શણગાર આરતી અને અન્નકૂટ (છપ્પનભોગ)ની મહા આરતી પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે કરવામાં આવી હતી. ત્યારબાદ વિશાળ સભામંડપમાં પ.પૂ.મોટા મહારાજશ્રીએ શતાબ્દી મહોત્સવ પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૧૮-૯-૨૦૧૪ ને ગુરુવારે સવારે ૯-૩૦ કલાકે ગ્રંથ અને વક્તાશ્રીઓનું પૂજન કરી કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. ત્યારબાદ યજમાનશ્રીઓ પ.ભ. વિનોદભાઈ ડાહ્યાભાઈ પટેલ પરિવાર તથા પ.ભ. પટેલ ઈશ્વરભાઈ ગંગારામભાઈ તથા પ.ભ. શ્રી પટેલ મગનભાઈ ભગત મુંબઈ વિગેરેએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન અને પુષ્પમાળા અર્પણ કરી આરતી ઉતારી રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેમજ વિશાળ સભામાં અયોધ્યા મંદિરના મહંત સ્વામી દેવપ્રસાદદાસજીને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ફુલહાર પહેરાવી સન્માનિત કર્યા હતા, આ સાથે છપૈયા મંદિરના મહંત સ.ગુ. બ્ર. વાસુદેવાનંદજી, જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, અલ્હાબાદ મંદિરના મહંત સ.ગુ. શા. સ્વા. નારાયણસ્વરૂપદાસજી, કાંકરિયા મંદિરના મહંત સ.ગુ. ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ. શા.સ્વા. આનંદપ્રસાદદાસજી, વડોદરાના પૂ. કે.કે. શાસ્ત્રી સ્વામી,

તેમજ અમદાવાદ, વડતાલ, ભુજ, મુળી, વિગેરે ધામોધામથી પધારેલા મહંતશ્રીઓએ સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી (અયોધ્યા મહંત)નું ધોતી ઓઢાડી ફુલહારથી સન્માન કર્યું હતું. આ પ્રસંગે ઠાકરથાળીનો પણ કાર્યક્રમ પુષ્પાબેને રવજીભાઈ સહજાનંદ ટ્રાવેલ્સ તરફથી અયોધ્યાના આંગણે રાખવામાં આવ્યો હતો. પૂર્ણાહુતિ પ્રસંગે સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર), સ.ગુ. મહંત બ્ર.સ્વા. વાસુદેવાનંદજી (છપૈયા), સ.ગુ. મહંત શા.સ્વા. ગુરુપ્રસાદદાસજી (કાંકરીયા), સ.ગુ. શા.સ્વામી ઉત્તમચરણદાસજી ભૂજ, કો.સ્વા. જયપ્રકાશદાસજી, કો.સ્વા. વિશ્વવલ્લભદાસજી ગઢડા સ.ગુ. કે.કે. શાસ્ત્રી સ્વામી (વડોદરા) વિગેરે સંતો મહંતોએ અયોધ્યા મંદિરના શતાબ્દી મહોત્સવના શાનદાર આયોજન બદલ અયોધ્યા મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજીની આગવી સૂઝ, સેવા, હરિભક્તોને સુવિધા આપવા અંગે અને અયોધ્યા મંદિરમાં 'ધર્મ ભક્તિ યાત્રિક ભવન'ના નિર્માણ અંગે ખૂબ પ્રસંશનીય વાત કરી સેવાઓને બિરદાવી હતી. તેમજ અમદાવાદના શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીએ પણ શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી અને આયોજન બિરદાવ્યા હતા.

અંતમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, અયોધ્યાના મંદિરનું નિર્માણ ઘણા કપરા સમયમાં થયું હતું. તેમજ અયોધ્યા તો અમારૂં ઘર છે એમ જણાવી જૂના અનુભવેલા પ્રસંગોનું વર્ણન કરી સંતો ભક્તોને વાકેફ કર્યા હતા. સતત પાંચ દિવસ હાજર રહી શતાબ્દી મહોત્સવ પ્રસંગે દેવદર્શન, કથા શ્રવણ અને સંતો હરિભક્તો સાથેની ગોષ્ઠિ બિરદાવી હતી અને અયોધ્યા મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજના ૧૦૦ વર્ષના અભૂતપૂર્વ આયોજન બદલ અયોધ્યા મંદિરના મહંત સ્વામીનું સન્માન કરી ખૂબ રાજીપો વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા. સભાનું સંચાલન સ.ગુ. શાસ્ત્રી કુંજવિહારીદાસજીએ કુનેહપૂર્વક સંભાળી ઉમદા સેવા કરી હતી. પૂ. મોટા મહારાજશ્રીએ શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજીને રાજીપાનો હાર અર્પણ કરી બિરદાવ્યા હતા.

આ શતાબ્દી મહામહોત્સવ પ્રસંગે મિડીયા અને પ્રચાર, પ્રસારનું કાર્ય વડનગર મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ સંભાળીને દીપાવ્યુ હતું. ઉત્તર પ્રદેશના દૈનિકો જેવા કે, અમર ઉજાલા, ડેલીન્યૂઝ, હિન્દુસ્તાન સ્વતંત્ર ભારત દ્વારા અયોધ્યા મંદિરના શતાબ્દી મહોત્સવનો અદ્‌ભુત પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાબુ ભગત (અમદાવાદ), હજુરી પાર્ષદ વનરાજ ભગત, અયોધ્યા મંદિરના ભૂપત ભગત, મુળીના ભરત ભગત, સેવક સુમિત ભગત, રાજન ભગત, સ.ગુ. સ્વા. આનંદ સ્વામી, કુલદીપ, તેમજ ચાંદખેડાના ભાઈશ્રી નિમેષભાઈ વિગેરે નામી અનામી સૌએ ખૂબ સેવા કરી હતી.

અનુ. પેજ નં. ૧૦ પરનું

નહિ. શાસ્ત્ર તો સારું જ છે. પણ લખનારનો અભિપ્રાય ખોટો હોય તો આપણું અકલ્યાણ થાય. અત્યારે તો વાકચાતુર્યથી અજ્ઞાની અને કપટી જીવો, શ્રીમદ્ ભગવદ્ ગીતામાંથી પણ શ્રીકૃષ્ણના નિરાકાર સ્વરૂપનું પ્રતિપાદન કરે છે ! આપણાથી આ વંચાય નહિ. અર્થાત્ ભગવદ્ ગીતા તો સાચી અને સારી જ છે પણ તેનો ભાષ્યકાર, કથાકાર કોણ છે તે જોવું ઘટે. શ્રીહરિના વચનામૃતમાંથી પણ મનઘડંત અર્થઘટન કરનારા છે આપણે તેનાથી દૂર રહેવું. સંપ્રદાયની પરિભાષા છે કે જે શાસ્ત્ર ધર્મવંશી આચાર્યની પરવાનગીથી છપાયું હોયને વાંચવું અન ખરીદવું. આ કળિકાળમાં તો અજ્ઞાની જનોએ સંપ્રદાયના શાસ્ત્રોમાં, કીર્તનો આદિમાં પણ ફેરફાર કરીને ભોળા મુમુક્ષુજનોને અવળા રસ્તે ચઢાવી દીધા છે. આપણે આ બધાથી દૂર રહેવું. સ્વયં શ્રીજી મહારાજ પણ શાસ્ત્રની શુધ્ધતા અંગે આટલો બધો આગ્રહ રાખતા તે અંગે ખાસ તપાસ કરવાની આજ્ઞા કરતા અને નંદ સંતો પણ ઘણો પરિશ્રમ કરીને તેમ કરતા. ત્યારબાદ શ્રીહરિ નિત્યાનંદ શુકાનંદ આદિક મુનિઓ પાસે કે દીનાનાથ ભટ્ટ પ્રાગજી પુરાણી પાસે તેની કથા કરાવતા. આપણે પણ માત્ર શાસ્ત્રના નામથી દોરાવું નહિ પણ તે ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞાથી છપાયું છે કે નહિ તે અચૂક જોવું અને ત્યારે જ તે સત્‌શાસ્ત્રની વ્યાખ્યામાં આવે.

આમ શ્રીજીના આ પત્રોને વાંચવા-વિચારવા અને મનન કરવાથી આપણને ઘણો બધો ઉપદેશ મળે છે. આ દરેક પત્ર એક શાસ્ત્રની ગરજ સારે છે.

શ્રીહરિની પ્રસાદીનો આ પત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં. ૨ માં હરિભક્તોના દર્શન માટે રાખેલ છે. સર્વે ભક્તજનો તેના દર્શન કરજ્યો, તેનું મનન અને શ્રીહરિની સ્મૃતિ રાખીને રાજી રહેજ્યો.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

વસ્ત્રનો

॥ લિખાવિંત સ્વામી શ્રી ૭ સહજાનંદજી મહારાજ જત પરમહંસ મુક્તાનંદ સ્વામી આદિ સમસ્ત પરમહંસના નારાયણ વાંચજો. બીજું લિખવા કારણ એમ છે જે પરમહંસ સર્વને વસ્ત્ર રાખવાની રીત્ય અમે લખી છે તે પ્રમાણે રહેવું ॥ ડોઢ રૂપૈયાના બે બહિરવાસ ધોતીયાના ॥ તથા સવા રૂપૈયાની પછેડી એક તથા પાંચ આનાની કૌપિન બે તથા અરધા રૂપૈયાનો માથે બાંધ્યાનો રૂમાલ એક તથા સવા રૂપૈયાની ધાબલી એક તથા રસોઈ કરવા સમે પેરવાનો કટકો એક પા રૂપૈયાવાલો તથા બે આનાનું ગરણું પાણી ગાળવાનું એક તથા પાંચ આનાની જોળી એક ॥ એવી રીત્યના મુલવાળાં વસ્ત્ર નવાં માગ્યા વિના કોઈક ગ્રહસ્થ આપે તે લેવાં પણ નવાં વસ્ત્ર માંગવા નહિ અને જે માગસે તે વચનદ્રોહી ગુરુદ્રોહી છે અને જો માગ્યા વિના આ વસ્ત્ર ન મલે તો આટલા વસ્ત્ર પ્રથમ મુલ લખ્યું તેવા મુલવાળાં છો મહિના પેરેલાં ગ્રહસ્થ પાસેથી માગી લેવાં અને વસ્ત્ર રાખવાં તે રાતિ મૃતિકામાં રંગિને રાખવાં પણ ધોલાં ન રાખવા અને શિક્ષાપત્રીમાં કહ્યું છે તે રીત્યે સર્વને વર્તવું. બીજુ જડભરતજીને પેઠે નિર્માનીપણે વર્તવું તથા પદારથને વિષે આસક્તિ ન રાખવી. બીજું આ લખ્યું છે તે પ્રમાણે વસ્ત્ર ન રાખે ને તેથી અધિક રાખે તથા ઘણાં મુલવાળું રાખે તો તેને પંક્તિ બહાર કરવો અને તેના હાથની રસોઈ ન જમવી અને એક ચાંદ્રાયણ વ્રત કરે ત્યારે તેને સમા લેવો ॥ સંવત ૧૮૮૪ ના પ્રથમ અષાઢ વદી ૩.

શ્રીહરિની પ્રસાદીનો આ પત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૯ માં સર્વેના દર્શનાર્થે પધરાવવામાં આવ્યો છે. સર્વે હરિભક્તો તેનો લાભ લેજ્યો. આ હસ્તાક્ષરના દર્શન પણ ઘણા પુણ્યવાળા બળીયા જીવોને પ્રાપ્ત થાય છે.

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પ્રસાદીના હનુમાનજી મહારાજનું વિશેષ પૂજન

કાળી ચૌદશ તા. ૨૨-૧૦-૨૦૧૪ ને બુધવાર સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન રાખવામાં આવેલ છે. હનુમાનજી મહારાજના પૂજનમાં સર્વે હરિભક્તોને લાભ મળે તેવા ઉમદા હેતુથી તેમાં સજોડે બેસવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. જે હરિભક્તોને આવો અલૌકિક લાભ લેવાની ઈચ્છા હોય તેમણે રૂા. ૧૧૦૦/- (અંકે રૂપિયા એક હજાર એકસો પુરા) મ્યુઝિયમમાં ભરી પાકી પહોંચ મેળવી લેવી. વધુ માહિતી માટે મો. : ૯૮૭૯૫૪૯૫૯૭, ૨૭૪૮૯૫૯૭, ૯૯૨૫૦૪૨૬૮૬ પ.ભ. પરષોતમભાઈ (દાસભાઈ)નો સંપર્ક કરવો.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - સપ્ટેમ્બર-૨૦૧૪

| | |
|---|---|
| રૂા. ૨૫,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ એકેડમી, નિકોલ નરોડા રોડ, બાપુનગર. |
| રૂા. ૨૧,૦૦૦/- | પ.ભ. બળવંતસિંહ એમ. ડાભી, ડાંગરવા (દૂધ-દહીં રેલમછેલ ઉત્સવ સંપન્ન થયો તે નિમિત્તે) |
| રૂા. ૧૧,૧૧૧/- | અ.નિ.પ.ભ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબના ૧૧૨ માં જન્મોત્સવ નિમિત્તે પ્રેરક : અ.નિ. નંદલાલભાઈ બી. કોઠારી હ. પ્રબોધભાઈ સી. ઝાલા તથા જય જે. પૂજારા |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.ભ. ધીરજભાઈ કે. પટેલ સોલા રોડ, અમદાવાદ |
| રૂા. ૧૧,૦૦૦/- | એક હરિ ભકત, સોલા રોડ, અમદાવાદ |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.ભ. ભૂપેન્દ્રભાઈ પ્રભુદાસ પટેલ, રખીયાલ (દીયા ફેબ્રીકેશનના ઉદ્‌ઘાટન નિમિત્તે) |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.ભ. પટેલ કલ્પેશભાઈ કેશવલાલ, ભાઉપુરા |
| રૂા. ૧૦,૦૦૦/- | ઘનશ્યામ એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ, બોપલ હ. મીનાબેન કે. જોષી |
| રૂા. ૫,૦૦૧/- | નિપૂણના પુત્ર ચિ. વિવાનના જન્મ નિમિત્તે, ઘાટલોડીયા હ. નિર્મળાબેન ભરતભાઈ પટેલ |
| રૂા. ૫,૦૦૦/- | કમલેશ હરગોવિંદદાસ શાહ, અમદાવાદ. |
| રૂા. ૫,૦૦૧/- | તેજસ ગૌતમભાઈ પટેલ, નારણપુરા |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - સપ્ટેમ્બર-૨૦૧૪

| | |
|---|---|
| તા. ૨૧-૯-૨૦૧૪ | શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા મહિલા મંડળ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા. |
| તા. ૨૭-૯-૨૦૧૪ | નૈષદના જન્મ દિવસ નિમિત્તે સાયન્સ સીટી, હ. જાગૃતિબેન તથા કમલેશકુમાર, સોલા, અમદાવાદ (ભાઉપુરાવાળા) |
| તા. ૨૮-૯-૨૦૧૪ | શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ જીવરાજપાર્ક |

શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા (મહિલા મંડળ) હ. લીલાબેન સોમાભાઈ, હીરાબેન રમણભાઈ, શાંતાબેન જેસંગભાઈ

- એટલાન્ટા મંદિર પાટોત્સવ પ્રસંગે
- બાયરન મંદિર પાટોત્સવ પ્રસંગે
- ડિટ્રોઈટ મંદિર પાટોત્સવ પ્રસંગે
- વોશિંગ્ટન મંદિર પાટોત્સવ પ્રસંગે

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com

પ.પૂ. ધ.ધૂ. આચાર્યશ્રી ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા તથા આશીર્વાદથી
વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર-કાલુપુરમાં બિરાજતા
શ્રી નરનારાયણદેવના જીર્ણોદ્ધારિત મંદિર તથા સુવર્ણ સિંહાસનના ઉદ્‌ઘાટન પ્રસંગે








## મહોત્સવ સ્થળ

શ્રી નરનારાયણ નગર, તપોવન સર્કલ, મોટેરા ગામ, એસ.પી. રીંગ રોડ, અમદાવાદ.

**અધ્યક્ષશ્રી : પ.પૂ. ભાવિ આચાર્યશ્રી ૧૦૮ શ્રી વજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

## આયોજક

મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી તથા સ્કીમ કમિટી
તથા શ્રી નરનારાયણદેવ મહોત્સવ સમિતિ
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર - અમદાવાદ-૧
ફોન. ૦૭૯-૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮

# શ્રી નરનારાયણદેવ મહોત્સવ

## તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત જીવોનું કલ્યાણ કરવા અનંતમુક્તોને સાથે લઈ મનુષ્યદેવ ધારણ કરી પૃથ્વીલોક પર પધાર્યા. ૪૯ વર્ષ સુધી પોતાની અપાર દયા અને દિવ્ય ઐશ્વર્ય વડે અનંતજીવોને અક્ષરધામના સુખભોગી બનાવ્યા અને એ પરંપરા અવિરત ચાલ્યા કરે એ માટે દેવ, આચાર્ય, સંત અને સત્‌શાસ્ત્રની કલ્યાણકારી પરંપરા પ્રવર્તાવી. શ્રીહરિએ કરેલા અનેક અલૌકિક કાર્યો પૈકીનું શિરમોર કાર્ય એટલે મંદિરોનું નિર્માણ. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી આજથી લગભગ ૧૯૨ વર્ષ પહેલા સ.ગુ. આનંદાનંદ સ્વામીએ ગુજરાતના મુખ્ય નગર અમદાવાદમાં વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કર્યું અને સર્વોપરી શ્રીહરિએ સ્વહસ્તે બાથમાં લઈને સ્વસ્વરૂપ શ્રી નરનારાયદેવ પધરાવ્યા. શ્રી નરનારાયણદેવના ઉંબરા પર ઊભા રહીને ''આ નરનારાયણ દેવનું સ્વરૂપ અને અમારા સ્વરૂપમાં લેશમાત્ર ફેર નથી.'' ''જે એમ જાણે જે આ નરનારાયણદેવ અને ભગવાન સ્વામિનારાયણ જુદા છે તેણે અમને ઓળખ્યા જ નથી.'' ''આ નરનારાયદેવની મૂર્તિ સત્સંગી માત્ર એ પૂજામાં રાખવી.'' આવા મહિમા વચનો સ્વમુખે કહ્યાં એવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવનું મંદિર સમયના ઘસારે ઘસાતા જીર્ણોદ્ધારની જરૂરિયાત ઉભી થઈ. જે તે સમયે પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી તે સમયના મહંત સ.ગુ. પી.પી. સ્વામી (જેતલપુર)એ કાર્યનો આરંભ કર્યો. ત્યારબાદ પૂ. નિર્ગુણ સ્વામી તથા પૂ.નારાયણસ્વરૂપ સ્વામીએ કાર્યને આગળ ધપાવ્યું. પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વર્તમાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા અમદાવાદ શ્રી નરનારાયણદેવ સ્કીમ કમિટિએ આ જીર્ણોદ્ધારના કાર્યને પુરજોશમાં વેગ આપ્યો જે હવે પૂર્ણતાને આરે છે. સાથો સાથ દેવોના સુવર્ણ સિંહાસન પર જીર્ણ થતા તે સ્થાને નૂતન સુવર્ણ સિંહાસન બનાવવાનો નિર્ધાર કર્યો જે પણ પૂર્ણ થશે. જીર્ણોદ્ધારિત મંદિર તથા નૂતન સિંહાસનના ઉદ્‌ઘાટનના પાવન પ્રસંગે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં સૌ સંતો ભક્તોના સાથ સહકારથી ભવ્યાતિભવ્ય ''શ્રી નરનારાયદેવ મહોત્સવ'' તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪ પર્યંત ધામધૂમથી ઉજવવાનું નિર્ધારેલ છે. તો આવો આપણે સૌ સાથે મળી આપણું તન, મન અને ધન શ્રી નરનારાયણદેવના ચરણોમાં સમર્પિત કરી આ ઉત્સવને ઉમંગથી ઉજવીએ.





**શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યાનો શતાબ્દી મહોત્સવ**
**પ.પૂ.મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં ઉજવાયો તેની ઝલક**









**શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યાનો શતાબ્દી મહોત્સવ**
**પ.પૂ.મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં ઉજવાયો તેની ઝલક**



# શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યાનો શતાબ્દી મહોત્સવ પ.પૂ.મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં ઉજવાયો તેની ઝલક





























અલ્હાબાદ મંદિરમાં
સંતો દ્વારા શ્રમયજ્ઞ






૧. ડીટ્રોઈટ (અમેરિકા)મંદિરના પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન. ૨. વેસ્ટન કેનેડા માં નવા આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરની સભામાં આશીર્વચન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૩. અમદાવાદ મંદિરમાં પારાયણ પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી.૪. શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં બાપુનગર એપ્રોચ મંદિર સભામાં લાલજી મહારાજની આરતી ઉતારતા હરિભક્તો. ૫. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઓડિયો વિઝ્યુઅલ ગાઈડ પોટ (ટેબ્લેટ)નું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૬. શ્રી નરનારાયણ દેવ મહોત્સવના ઉપલક્ષમાં કર્મશક્તિ મંદિરમાં સંતો દ્વારા સત્સંગ સભા.૭. શ્રીન.ના.દેવ મહોત્સવના ઉપલક્ષમાં નરોડામાં સત્સંગ સભા.૮. શ્રીન.ના.દેવ મહોત્સવના ઉપલક્ષમા માધવગઢ મંદિરમાં સમૂહ મહાપૂજા.૯. શ્રીન.ના.દેવ મહોત્સવના ઉપલક્ષમા ભાભરમાં સત્સંગ સભા.૧૦. શ્રીન.ના.દેવ મહોત્સવના ઉપલક્ષમા નારણઘાટ મંદિરમાં સમૂહ જનમંગલ પાઠ.

## મહોત્સવ દરમિયાનના આયોજનો

- શ્રીમદ્ સત્સંગીભૂષણ અંતર્ગત શ્રી નરનારાયણદેવ માહાત્મ્ય કથા
- એક દિવસીય શ્રી હરિયાગ (યજ્ઞ)
- ૩ દિવસ સમૂહ મહાપૂજા
- મહાઅભિષેક, છપ્પન ભોગ અન્નકૂટ
- શ્રી નરનારાયણદેવની નગર યાત્રા
- પ્રદર્શન
- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધુન
- બ્લડ ડોનેશન કેમ્પ
- સર્વ રોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ દિવાઓ વડે કાલુપુર મંદિરની સમુહ આરતી
- શ્રી નરનારાયણદેવ બાલમંડળ તથા બાલિકામંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

## મહોત્સવના ઉપલક્ષમાં ધાર્મિક આયોજનો

- ૨૫૧ ગામડે સત્સંગ સભાઓ
- ૧૫૧ મીનીટની ૨૫૧ ગામડે અખંડધૂન
- ૫૧ કરોડ "શ્રી સ્વામિનારાયણ" મહામંત્ર લેખન
- જનમંગલ - ૧,૨૫,૦૦,૦૦૦, વચનામૃત - ૫૧૦૦, ભક્તચિંતામણી - ૫૧૦૦ પાઠ
- પદયાત્રા દ્વારા કાલુપુર શ્રી નરનારાયણદેવ દર્શન
- ૧૧૦૦૦ શ્રી સ્વામિનારાયણ મેગેઝીન સભ્યપદ ઝુંબેશ

## મહોત્સવના ઉપલક્ષમાં સામાજીક આયોજનો

- ૧,૨૫,૦૦૦ વૃક્ષારોપણ
- ૨૧૦૦ બોટલ બ્લડ ડોનેશન તથા સર્વરોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ શૈક્ષણિક સાધનોનું વિતરણ (ગામડાઓના બાળમંડળના વિધાર્થીઓને)
- વ્યસન મુક્તિ અભિયાન
- ૧૫૧ અપંગોને ટ્રાઈસિકલ વિતરણ

## આપનો સહયોગ

આ મહોત્સવના ઉપલક્ષમાં આપ આપના પરિવારજનો, મિત્રો સાથે મળી માળા, દંડવત્, પ્રદક્ષિણા, જનમંગલ-વચનામૃત-ભક્તચિંતામણીના પાઠ, મહામંત્રલેખન, પદયાત્રા જેવા નિયમો લઈ અથવા લેવડાવી વિશેષ ભજન કરશો. (જે માટે નોટબુક તથા ફોર્મ આપણા શ્રી સ્વામિનારાયણ મેગેઝીન અથવા તો કાલુપુર મંદિરની ઓફિસમાંથી મળશે.)

આર્થિક રીતે યોગદાન આપી સહભાગી થવા ઈચ્છતા ભક્તો મહોત્સવ દરમિયાન આયોજીત સમુહ મહાપુજા-હરિયાગ તથા અન્ય યજમાન પદનો લાભ લઈ શકશે.

| | |
|---|---|
| ૧૧,૦૦૦/-<br>૨૧,૦૦૦/- | તા. ૨૫-૧૨-૨૦૧૪ના રોજ સમૂહ મહાપૂજાનો લાભ મળશે. (પ.પૂ. લાલજીમહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૩૧,૦૦૦/-<br>૫૧,૦૦૦/- | તા. ૨૬-૧૨-૨૦૧૪ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના નિવાસસ્થાને નિત્ય ધર્મકુળ દ્વારા પૂજાતા પ્રસાદીના હરિકૃષ્ણ મહારાજની મહાપૂજા(પ.પૂ.મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૧,૦૦૦૦૦/-<br>કે તેથી વધુ | તા. ૨૭-૧૨-૨૦૧૪ સર્વાવતારી ભગવાન શ્રીહરિની પૂજામાં રહેલાં અને પૂજ્ય આચાર્ય મહારાજશ્રી જેની દરરોજ પૂજા કરે છે એવા પ્રસાદીના શાલિગ્રામ ભગવાનની મહાપૂજા (પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૨,૦૦૦૦૦/-<br>કે તેથી વધુ | તા. ૨૭-૧૨-૨૦૧૪ એકદિવસીય શ્રીહરિયાગ (યજ્ઞ)ના પાટલે બેસવાનો લાભ. |

આથી વિશેષ સેવા કરીને વિશિષ્ટ યજમાન પદનો લાભ લેવા ઈચ્છતા ભક્તજનોએ કાલુપુર મહંત સ્વામી અથવા આગેવાન સંતોનો સંપર્ક કરવો.

Harikrushna Graphics • 982-5850-559, 987-9961-789

**: મહામહોત્સવનું સ્થળ :**
**તપોવન સર્કલ, મોટેરા ગામ, અમદાવાદ.**

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સમજણ સાથેની સાચી દિવાળી

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

દિવાળી શબ્દ કાને પડે અને જાતજાતના વિચારો મનમાં શરૂ થઈ જાય. નવાં નવાં કપડાં પહેરીશું, જાતભાતની મીઠાઈઓ અને ફરસાણ જમીશું. અને હા, જાતજાતના ફટાકડા ફોડી દિવાળીને વધાવીશું. અને હે.....ય આનંદ કરીશું. ખરૂને ? આવા વિચારો આવે છે ને ? એ બધી વાત સાચી પરંતુ દિવાળી અને લક્ષ્મીજી એ બંનેને શું સંબંધ છે ?

વાત જાણે એમ છે કે પુરાણની કથા છે. એક વખત ક્રોધની મૂર્તિ સમાન્ દુર્વાસામુનિ જઈ રહ્યાં હતા અને સામે સ્વર્ગનો રાજા ઈન્દ્ર મળ્યો. ઈન્દ્ર ઐરાવત હાથી ઊપર બેઠેલો. સહુ કોઈ જયજયકાર બોલાવતા હતા. દુર્વાસાજી ઈન્દ્રનું અભિવાદન કરવા સહુ સાથે ઉભા રહ્યા. જેવી ઈન્દ્રની સવારી આવી કે તુરત જ તેમની પાસે રહેલો પુષ્પહાર તેમણે ઈન્દ્રને અર્પણ કરવા ઊંચો ફેંક્યો. હાર બરાબર ઈન્દ્રના ખોળામાં પડ્યો. ઈન્દ્રે તેને સ્વીકાર્યા વગર જ હાથીના માથા પર મુક્યો અને હાર તરત જ નીચે પડ્યો, હાથીના પગ નીચે કચડાયો. દુર્વાસાએ નજરે જોયું અને ગુસ્સે થયા અને બોલ્યા કે હે ઈન્દ્ર ! તને સંપત્તિનું આટલું બધું ધમંડ છે ! જા તને શ્રાપ આપું છું કે ‘‘ત્રિલોકીની લક્ષ્મી નાશ પામો.’’ એમ કહી એ તો ચાલ્યા ગયા.

થોડા જ સમય પછી ત્રિલોકમાંથી બધું નાશ પામવા માંડ્યુ. ભૂખમરો વધવા માંડ્યો. બધે હાહાકાર વ્યાપી ગયો. ઈન્દ્રાદિ દેવો પણ દુઃખી દુઃખી થઈ ગયા. અને ભગવાનના શરણમાં ગયા. ભગવાને બધાની વાત સાંભળી આશ્વાસન આપ્યું અને ઉપાય બતાવ્યો. તમે દેવો - ગંધર્વો - અસુરો વગેરે ભેગા થઈ સંપ કરી સમુદ્ર મંથન કરો. મંદ્રાચલ પર્વતનો રવૈયો કરો - વાસુકી નાગનું નેતરૂં કરો. વાસુકી નાગના મુખ તરફ દેવો રહે અને પૂંછડા તરફ અસુરો રહે અને સમુદ્રને વલોવો. મંથન કરતાં ત્રિલોકીને સુખ-શાંતિ, સંપત્તિ પાછી મળશે. બધા સુખી થશો.

મંદ્રાચળ પર્વતને સમુદ્રમાં મુક્યો કે તરત જ તળીએ બેસી ગયો. હવે શું કરવું ? પાછી પ્રભુને પ્રાર્થના કરી. ભગવાને મોટા કાચબાનું સ્વરૂપ ધારણ કર્યું. અને પોતાની પીઠ ઉપર મંદ્રાચળ પર્વતને સ્થાપ્યો. મુખ તરફ દેવો રહ્યા, પૂંછડી તરફ દાનવો. તેમાં ઝઘડો થયો. દાનવો કહે અમે મુખ તરફ રહીશું અને દેવો પૂંછડી તરફ રહે. પાછું સમાધાન કરાવ્યું. મંથનની પ્રક્રિયા શરૂ કરાવી. સમુદ્ર મંથન કરતાં કરતાં ઝેર નીકળ્યું તે કોઈ લેવા તૈયાર ન થયું. હળાહળ ઝેર મહાદેવજી પી ગયા. પછી ઐરાવત હાથી નીકળ્યો તે ઈન્દ્રે રાખ્યો. આમ કરતાં કરતાં ચૌદ રત્નોની પ્રાપ્તિ થઈ.

પછી ભગવાન ધન્વંતરી પ્રગટ્યા તે દિવસ આસો વદ-૧૩ નો હતો એટલે બધા તે દિવસે ધનતેરસ તરીકે ઉજવે છે. પછી બીજા દિવસે કાળી ચૌદશ એ પવનપુત્ર હનુમાનજીના પૂજન આરાધનાનો દિવસ. સમુદ્ર મંથન ચાલુ રહ્યું. વલોવતાં વલોવતાં આસો વદ-૩૦ (અમાસ)ના દિવસે સમુદ્રમાંથી સાક્ષાત્ લક્ષ્મીજી પ્રગટ થયાં. તે નારાયણ ભગવાનને વર્યા.

પછી ભગવાનની આજ્ઞાથી લક્ષ્મીજીએ કૃપાદ્રષ્ટિ કરી એટલે ત્રિલોકીના દેવ, મનુષ્યો, પ્રાણીમાત્ર સૌ સુખી બન્યા. એટલે કે સુખનો દિવસ પાછો વળ્યો એટલે એ દિવસનું નામ પડ્યું દિવાળી. અને તે દિવસે સમાજમાં બધે ઘરે ઘરે દિવા થાય છે. ઘરને સાફસૂફ કરીને રંગરોગાન થાય છે. મીઠાઈઓ બનાવાય છે. અને જમાડાય છે. કારણ કે લક્ષ્મીજીને ચોખ્ખાઈ ગમે છે, પ્રકાશ ગમે છે અને ગળપણ ગમે છે. અને તે દિવસે બધા જ લક્ષ્મીજીનું પૂજન કરે છે પણ યાદ રાખજો, નારાયણને છોડીને લક્ષ્મીજીનું પૂજન કરે છે તેના પર લક્ષ્મીજી પ્રસન્ન થતાં નથી.

ખ્યાલ આવ્યોને, દિવાળી અને લક્ષ્મીજીને શું સંબંધ છે? વ્હાલા ભક્તો ! ત્યારથી આ દિવાળી ઉત્સવની પરંપરા ચાલે છે. પરંતુ એનું હાર્દ જ્યાં સુધી સમજાય નહિ ત્યાં સુધી બે દહાડા દિવાળીનો આનંદ પછી પાછી હોળી.

જો જીવનમાં કાયમ દિવાળી જેવો આનંદ રાખવા ઈચ્છતા હો તો બ્રહ્માનંદ સ્વામીના આ શબ્દો યાદ રાખજો.

**“બ્રહ્માનંદના રે વ્હાલા તમ સંગ રમતા મારે,**
**દહાડી દહાડી છે દિવાળી, હૈડામાં મૂને વ્હાલા લાગો છો... વનમાળી.”**

કુટુંબમાં સંપ હોય અને જીવનમાં ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશરો હોય તો તેના જીવનમાં બ્રહ્માનંદ સ્વામીના આ શબ્દો સાચા પડે છે

બાલવાટિકાના વાંચક ભક્તોને નવાવર્ષની અનેકાનેક શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન સહ જય સ્વામિનારાયણ.

●

## નવા વર્ષે સાવધાન

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક સલાટ ભગવાનનો ખૂબ ભાવિક ભક્ત હતો. આ સલાટ લોયા ગામનો હતો. તેને સાંભળ્યું કે

સ્વામિનારાયણ ભગવાન લોયા ગામ પધાર્યા છે. તો મારે ઘેર કેમ નહિ ? ભગવાનને પોતાના ઘરે આવવા આમંત્રણ આપ્યું. પ્રભુ પ્રેમથી મારે ઘેર પધારો. મહારાજે તથાસ્તુ કહ્યું.

સલાટના આમંત્રણને માન આપી શ્રીજી મહારાજ લોયામાં સલાટને ઘેર બિરાજ્યા હતા. સંતો અને ભક્તો પણ મહારાજની પાસે બેઠા હતા અને એ સભામાં શ્રીજી મહારાજ વાતો કરતા હતા. એ વખતે એ સભામાં તરગાળાનું એક ટોળું આવ્યું. એણે આવીને ફરિયાદ કરી હે મહારાજ ! આ બધા પટેલીયાઓ સત્સંગી થયા છે. એ હવે અમને રમાડતા નથી. અમારી રમતો જોતા નથી. એટલે અમારી કમાણી ઘટી ગઈ છે. મહારાજે તરગાળાને કહ્યું, તમારી પાસે શું શું કારીગરી છે ? શું શું રમત રમો છો ? ત્યારે કહ્યું કે મહારાજ અમે જાતજાતના વેશ કાઢીએ છીએ. અને પૂતળીઓ નચાવીએ છીએ. કઠપૂતળીઓના ખેલ કરીએ છીએ. શ્રીજી મહારાજે કહ્યું સારૂં લાવો અહીં તમારી પૂતળીઓને નચાવો.

મહારાજની આજ્ઞાથી એ સભામાં સંતો, હરિભક્તો બધા બેઠા અને તરગાળાએ પોતાના તંબુમાં જઈ અને પૂતળીઓ તૈયાર કરી અને મહારાજ પાસે આવી અને એ પૂતળીઓને રમાડવા માંડી પણ કોઈ પૂતળું હાલે જ નહિ. નાના મોટા બધા પૂતળાં સજ્જડ થઈ ગયાં. પાછો એ બધા પૂતળાંને લઈ તંબુમાં જઈને બધી દોરીઓ સરખી કરી અને વ્યવસ્થિત બાંધ્યા અને ફરીથી લાવી અને પૂતળાં રમાડ્યાં. પણ એકેય પૂતળું હાલ્યું નહિ. પાછો તરગાળો તંબૂમાં લઈ ગયો. અને જોયું તો તંબૂમાં બધા પૂતળા વ્યવસ્થિત નાચે. કોઈની દોરી ઢીલી ન હોતી. વ્યવસ્થિત બાંધેલી હતી. ત્રીજીવાર મહારાજ પાસે આવી અને પૂતળા રમાડવા માંડ્યો. તોએ પૂતળાં સજ્જડ થઈ ગયા. ત્યારે એ તરગાળાએ મહારાજને પ્રાર્થના કરી કે મહારાજ ! તમે તો સાક્ષાત્ પરમેશ્વર છો. અમારી પાસે તો આ પૂતળાની દોરી અમારા હાથમાં છે. પણ તમારા હાથમાં તો સર્વ જગતની દોરી છે. તમારી ઈચ્છા નહિ હોય માટે આ અમારા પૂતળાં હાલતા નથી કે નાચતાં નથી. માટે દયા કરો. આતો અમારી આજીવિકા છે. શ્રીજી મહારાજ કહે, એ તો કંઈક ખોટકો થયો હશે. એમાં ચિંતા ન કરો. જાઓ તમારા તંબૂમાં રિપેર કરીને ફરીથી લાવો એટલે પછી જરૂર નાચશે. અને તરગાળો પોતાના તંબૂમાં જઈ અને પૂતળાં સરખા કરીને મહારાજ પાસે લાવ્યો. એટલે બધાં પૂતળાં વ્યવસ્થિત નાચવા લાગ્યાં. એ જોઈને મહારાજ રાજી થયા અને તરગાળાને જમાડ્યા. એટલું જ નહિ સારી એવી શીખ આપી એટલે કે ઈનામ આપ્યું. આવી લીલા મહારાજે લોયામાં કરી.

વહાલા ભક્તો ! આ જગત એક પ્લેટફોર્મ છે. મનુષ્યમાત્ર એ પુતળાં છે. એ સૌની દોરી તો ભગવાનના હાથમાં જ છે. ભગવાનની ઈચ્છામાં આવે તેમ સૌને નચાવે છે. એમાં કોઈનું કાંઈ પણ ચાલતું નથી. એ ભૂલવું જોઈએ નહિ કે આપણા સૌના નાડી પ્રાણ ભગવાનના હાથમાં જ છે. જ્યાં સુધી એમની ઈચ્છા હશે, ત્યાં સુધી આ પુતળું હાલતું ચાલતું રહેશે. પછી કાયમ માટે સ્થિર થઈ જશે. એવું થાય તે પહેલાં અગત્યનું કામ ભગવાન ભજી લેવા. જો ભજન કર્યું હશે તો ફરીથી પુતળું બનવું નહિ પડે. નહિં તો પુનરપિંજનનં પુનરપિ મરણં ચાલું જ રહેશે. માટે નવાવર્ષમાં સાવધાન થઈને સત્સંગ કરી લેવો. ભગવાન ભજી લેવા. એટલે બેડો પાર થઈ જશે. નવાવર્ષના સૌ બાલમિત્રોને સપ્રેમ જય સ્વામિનારાયણ.

**સવંત ૨૦૭૧ ના નવા વર્ષના દટ્ટા
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદના સાહિત્ય કેન્દ્રમાં મળશે.**

**નીચેના શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં નવા મહંતશ્રીઓની નિયુક્તિ**

**ગાંધીનગર સેક્ટર-૨** : સ.ગુ. શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી

**વાસણા-અમદાવાદ** : સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી

**પેથાપુર** : સ.ગુ. શા. સ્વામી ધર્મપ્રવર્તકદાસજી

**બાવળા** : સ.ગુ. શા.સ્વા. નંદકિશોરદાસજી ગુરુ સ.ગુ. શા.સ્વામી હરિનારાયણદાસજી

**મોરબી** : સ.ગુ. સ્વામી બાલસ્વરૂપદાસજી ગુરુ પુરાણી સ્વામી દેવનંદનદાસજી

**સાપાવાડા** : સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. ગવૈયા સ્વામી કેશવજીવનદાસજી

**આગામી ઉત્સવ**
**શ્રી સ્વામિનારાયણ મંદિર બીલોદરા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-શુભ સંકલ્પથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ના માર્ગદર્શનથી નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર બિલોદરાનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સમગ્ર ધર્મકુળની શુભ નિશ્રામાં તા. ૩૧-૧૦-૨૦૧૪ થી તા. ૪-૧૧-૨૦૧૪ પર્યન્ત ભવ્યતાથી ઉજવાશે. આ પ્રસંગે દેવ દર્શન, ધર્મકુળ દર્શન અને કથા શ્રવણનો લાભ લેવા ભાવભીનું આમંત્રણ છે.

(ભીખાભાઈ કોઠારી)

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**"સંસારથી વિરક્તિનો અભ્યાસ નિયમિત કરવાનો"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે આ એકાદશીની સત્સંગ સભામાં નિયમિત કથા સાંભળીએ છીએ અને સત્સંગ કરીએ છીએ. આ બધું શા માટે કરીએ છીએ ? તો સંસારમાંથી મનને હટાવવા માટે કરીએ છીએ. તો સત્સંગ કર્યા પછી સંસારમાંથી મનને હટાવવા માટે શું કરવું પડે ? તો સત્સંગ કર્યા પછી મનન, ચિંતવન કરવું પડે તો જ તરસ છીપાય. આખી ડોલ નદીમાં બોળીને શરીર ઉપર રેડી દઈએ તો પણ ન ચાલે, તો જેમ પાણી પીવું જ પડે તેમ કથા સાંભળ્યા પછી સંસારમાંથી મનને હટાવવા માટે અભ્યાસ કરવો જ પડે. આપણે સંસારમાંથી મનને હટાવીને ભગવાનમાં જોડવાનું છે.

પરંતુ સંસારમાંથી મન હટાવવું મુશ્કેલ છે અને પરમાત્મામાં જોડવાનું સહેલું છે. પરમાત્મામા મન જોડવાનું સહેલું એટલા માટે છે કે જો મન સંસારમાંથી હટી જશે તો પરમાત્મામા આપોઆપ જોડાઈ જશે. પરંતુ સંસારમાંથી મન જેટલું જલ્દીથી હટાવવું છે એટલું જલ્દીથી હટતું નથી. તેનું કારણ, આપણા મનમાં માયા ભરેલી છે. અને સંસાર પણ માયિક છે. બન્ને સરખા સ્વભાવના છે. અને એ વસ્તુ સહજ છે કે બે સરખા સ્વભાવ ભેગા થાય તો બન્નેને વધારે બને. દા.ત. જમતી વખતે ઊંઘ આવે છે ? ટી.વી. જોતી વખતે ઊંઘ આવે છે? નથી આવતી અને માળા ફેરવતી વખતે ઊંઘ આવે છે, કથા સાંભળતી વખતે પણ ઊંઘ આવે છે. કેમ કે બન્નેનો સ્વભાવ વિપરિત છે. પરમાત્મા અમાયિક છે. અને મન માયિક છે. એટલે જે વસ્તુ માયિક છે તેને માયા જોડે જ વધારે ફાવે છે. પરંતુ આપણે માયાથી બીવાનું નહિ. કાયર થઈને બેસી જવાનું નહિ. મનને ઠપકો આપવો પડે. જેમ સ્કુલમાં પ્રિન્સીપાલ એક જ સમયે રાઉન્ડમાં નથી નીકળતા જુદાં જુદાં સમયે ચેકિંગ કરે છે. એક જ ટાઈમ હોય તો એ સમયે બધા શિસ્તમાં જ રહે. તેમ આપણા મન જોડે પણ અચાનક ચેકિંગ કરવાનું કે આપણું મન ક્યાં ફરે છે. જગતમાં કે મહારાજમાં ? આમ મન સાથે ઝઘડો પણ કરવો પડે. આપણે દુનિયામાં રહેવા માટે સમાજમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે કેટલા લોકો જોડે લડીએ છીએ. તો દિવસમાં એક વખત મનની જોડે પણ લડી લેવાનું અને જોઈ લેવાનું તો એનું ફળ પણ સારૂં જ આવશે. આમ મનને અભ્યાસ માટે તૈયાર કરવાનું. પરંતુ મન અભ્યાસ કરવા માટે ક્યારે તૈયાર થાય ? તીવ્ર ઈચ્છા દઢ સંકલ્પ હોય કે આ વસ્તુને મને કરવી જ છે. તો જ મન તૈયાર થાય છે. આપણે કોઈ વસ્તુ અમુકવાર સહેજ વિચારી લઈએ તો નથી થતુ. અતિશય તીવ્ર ઈચ્છા તન-મન-ધન બધું એક કરી દઈએ, સંકલ્પ શક્તિ પણ દઢ હોય કે હું આ બધું પ્રાપ્ત કરીને જ રહીશ એમ દઢ નિર્ણય થાય તો જ કોઈ પણ કાર્ય થાય છે. એવી તીવ્ર ઈચ્છા રાખીએ તો પરમાત્મા પણ સાથ આપે છે. નહિ તો વિષયભોગ આપણને ભોગવે છે. પરંતુ આપણને તેનો ખ્યાલ આવતો નથી અને જ્યારે ખ્યાલ આવે છે ત્યારે ખૂબ મોડું થઈ ગયું હોય છે. માટે જગતમાં અનાસક્ત થઈને રહેવું. ભગવાન તો કાયમ માટે આપણું કલ્યાણ કરવા માટે તૈયાર જ હોય છે. પરમાત્માને પ્રાપ્ત કરવા માટે આગળ વધીએ ત્યારે ઘણી વસ્તુ બાધક છે. તેમાં સૌથી મોટી બાધકતા આપણા દ્વારા જ બને છે. પણ આપણે પરમાત્મા પર ઢોળી દઈએ છીએ કે પરમાત્મા દયા કરશે ત્યારે ભજન થશે. આમ પરમાત્મા સાથે નહિ જોડાવાનું કારણ પણ પરમાત્મા જ બની જાય છે. આપણે સ્કુલમાં ભણતા હોય તો તેવું વિચારીએ કે શિક્ષક દયા કરશે તો આપણે પાસ થઈ જઈશું ? ના ચાલે ભણવું પડે, વાંચવું પડે, નિયમિત સ્કુલે જવુ પડે, નિયમિત અભ્યાસ કરવો પડે. જેવી તૈયારી કરીશું તેવું પરિણામ આવશે. તેમ પરમાત્માની કૃપા પ્રાપ્ત કરવી હોય તો પ્રયત્ન કરવો જ પડે. માટે દરરોજ નિયમિત અભ્યાસ કરવો. તમે દસ મિનિટ ધ્યાન કરો તો તેમાંથી બે મિનિટ જ ભગવાન સાથે જોડાઈ શકો. તો એવું નહિ માનવાનું કે માત્ર બે મિનિટ જ ભગવાન સાથે જોડાઈ શકાય છે. પરંતુ આપણી જાતને પ્રોત્સાહન આપીશું તો વધારે બળ મળશે. શ્રીજી મહારાજે પ્રથમના પાંચમા વચનામૃતમાં કહ્યું છે જે, "ધ્યાન કરતા મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું પણ કાયર થઈને તે ધ્યાનને મુકી દેવુ નહિ. એવી રીતના જે આગ્રહવાળા છે તેના ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે. અને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે." ધ્યાન કરવા બેસો ત્યારે મગજને શાંત રાખવું પડે, દરિયામાં જેમ પવન વધારે હોય તો લહેરો વધારે ઉંચી આવે છે. તેમ વિચારોરૂપી લહેરો આપણા મગજને અસ્ત વ્યસ્ત કરી નાખે છે. વિચારોરૂપી પવન વધારે હોય તો મગજ શાંત ન રહે. આપણે સમુદ્રની લહેરો રોકી શકવાના નથી. કેમ કે તે પ્રકૃતિ છે. જ્યારે આપણું મગજ આપણો અંતરાત્મા અને આપણું મનનું નિયંત્રણ આપણા હાથમાં છે. જ્યારે વિચારોની

ઝંઝાવાત મનમાં આવી હોય તો જે વસ્તુથી આપણને દુઃખ થાય ઉદ્‌વેગ થાય તેવી વસ્તુ વિચારવી નહિ. અભ્યાસ કરીને સમય પ્રમાણે બધુ કાર્ય પુરુ કરી દેવું. મૃત્યુને ચિરનિદ્રા પણ કહેવામાં આવે છે. આપણે શાંતિથી ક્યારે સૂઈએ છીએ ? આપણને કોઈ ટેન્શન ન હોય ત્યારે ! અમુક કાર્ય બાકી રહી ગયું હોય તો સ્થિર ચિર નિંદ્રા આવતી નથી. તો આપણે આ જગતમાં બધું કાર્ય એવી રીતે કરવું કે ચિર નિંદ્રા આવે ત્યારે પાછા જાગી ન જઈએ એટલે જન્મ મરણના ચક્કરમાં ફરીથી આવવું ન પડે. તો ચિર નિંદ્રા માટે કાયમ તૈયાર રહેવાનું. કોઈ પણ કાર્ય બાકી ન રહી જાય કે પાછું આવવું પડે. જવાનું તો બધાને છે જ, માત્ર સમયની કોઈને ખબર નથી. માટે પુરેપુરી તૈયારી કરવાની, તે એક જ વસ્તુ આપણા હાથમાં છે.

આવા દિવ્ય સ્થાને કથા વંચાય તેને સાંભળો પછી મનન અને ચિંતવન કરવું. યાંત્રિક રીતે નહિ પ્રેમથી, શ્રધ્ધાથી, તીવ્ર ઈચ્છાથી કરવું. તમને બધાને મહિમા છે. એટલે જ તમે બધા નિયમિત આવો છો, અને એટલે જ આપણે બધા અહીંયા બેઠા છીએ. પરમાત્માને પ્રાપ્ત કરવાનો જે સંકલ્પ કરો ને વચ્ચે રોકાઈ જાય તેવું વર્તન કરવું નહીં. પાંચ મિનિટ બેસીને પણ નિયમિત અભ્યાસ કરવો. અંતઃકરણમાં ડૂબકી લગાવીને અંતરમાં ઉતરી જવું. પરમાત્મા સંકેત પણ આપે છે. પ્રેરણા પણ કરે છે. સંકલ્પપૂર્તિ પણ કરે છે અને સહાય પણ કરે છે. આમ સંસારથી વિરક્તિનો અભ્યાસ નિયમિત કરવો તો ભગવાન શક્તિ આપશે અને બળ પણ વધશે. અને તમે બધા આજે સત્સંગ કરો છો તેના કરતા પણ અનેક ગણો સત્સંગ વધે તેવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

### કર્મનો સિદ્ધાંત

- સાં.યો. કંચનબા તથા કુંદનબા

આપણે જે કોઈ કામ કરીએ છીએ તે કર્મ કહેવાય. આ કર્મના મુખ્યત્વે ત્રણ ભાગ છે. (૧) ક્રિયમાણ કર્મ (૨) સંચિત કર્મ (૩) પ્રારબ્ધ કર્મ. માણસ જન્મે ત્યારથી મરે ત્યાં સુધી, જે જે કર્મ કરે છે તે તમામ ક્રિયામણ કર્મ કહેવાય. આવા જે જે ક્રિયામણ કર્મ કરે તે અવશ્ય ફળ આપે પછી જ તે શાંત થાય, ફળ આપ્યા સિવાય તે શાંત થાય નહિ. કેટલાંક ક્રિયામણ કર્મ એવાં હોય છે કે તે કર્મ કરતાની સાથે તાત્કાલિક ફળ આપતાં નથી. તેનું ફળ મળતાં વાર લાગે છે. તે કર્મના ફળને પાકતાં વાર લાગે ત્યાં સુધી તે કાચાં રહે છે અને તે કર્મ ફળ આપે નહિ ત્યાં સુધી સિલકમાં જમા રહે. સંચિત થાય છે. તેને સંચિત કર્મ કહેવાય. દાખલા તરીકે તમે આજે પરીક્ષાનું પેપર લખ્યું, મહિના પછી તેનું પરિણામ બહાર પડે. તમે સવારે કોઈને ગાળ દીધી દશ દિવસ પછી લાગ જોઈને તે તેમને લાફો મારી જાય, તમે તમારી જુવાનીમાં તમારાં મા-બાપને દુઃખી કર્યા, તમને તમારો દીકરો વૃદ્ધાવસ્થામાં દુઃખી કરે. તમે આ જન્મમાં સંગીત વિદ્યાની ઉપાસના માટે મહેનત કરી આવતા જન્મમાં નાનપણથી જ તમે સારું સંગીત ગાઈ શકો. એમ કેટલાક ક્રિયમાણ કર્મો તાત્કાલિક ફળ નથી આપતા, પરંતુ કાળે કરીને પાકે ત્યારે ફળ આપે ત્યાં સુધી તે સંચિત કર્મમાં જમાં પડ્યાં રહે છે. બાજરી નેવું દિવસે પાકે, ઘઉં ૧૨૦ દિવસે પાકે, આંબો પાંચ વર્ષે ફળ આપે, જે જાતના ક્રિયમાણ કર્મનાં બીજ તે પ્રકારે તેને ફળતાં ઓછી વત્તી વાર લાગે. આવાં અનેક સંચિત કર્મો જીવની પાછળ પડ્યાં છે. અનાદિ કાળથી અનેક જન્મોનાં અસંખ્ય સંચિત કર્મના ઢગલા અસંખ્ય કરોડો હિમાલય પર્વત ભરાય તેટલાં સંચિત કર્મોના ઢગલા જીવની પાછળ જમા થયેલા પડેલાં છે. આ તમામ સંચિત કર્મો આ જન્મે અગર તો હવે પછીના અનંતકાળ સુધી તે અનેક જન્મોમાં ગમે ત્યારે પાકે અને તમે તે કર્મોને ભોગવો ત્યાર પછી જ તે શાંત થાય. ન ભોગવો ત્યાં સુધી શાંત થાય નહિ, જીવ જો સાવધાનીથી ગંભીરતાપૂર્વક આની કલ્પના કરે તો ધ્રુજી ઊઠે, પરંતુ અવિદ્યાથી ઘેરાયેલો જીવ આની કદાપિ કલ્પના કરતો જ નથી. રાજા દશરથના બાણથી શ્રવણ હણાયો ત્યારે તેના વિરહથી મરતાં મરતાં તેના મા-બાપે રાજા દશરથને શ્રાપ દીધો કે તારું મૃત્યુ પણ તારા પુત્રના વિરહથી થશે.' પરંતુ રાજા દશરથનું આ ક્રિયમાણ કર્મ તાત્લાલિક ફળ કેવી રીતે આપી શકે ? કારણ કે તે વખતે રાજાને તો એક પણ પુત્ર થયો નહોતો. એટલે આ ક્રિયમાણ કર્મ ફળ આપીને શાંત થઈ શક્યું નહી. પરંતુ તે સંચિત કર્મમાં જમા થયું. કાળે કરીને રાજાને એકને બદલે ચાર પુત્રો થયા. તે મોટા થયા પરણાવ્યા અને જ્યારે રામના રાજ્યભિષેકનો દિવસ આવ્યો તે વખતે પેલુ સંચિત કર્મ ફળ આપવા તત્પર થયું અને આવા શુભ દિવસે પણ દશરથ રાજાને મૃત્યુનું ફળ પ્રાપ્ત કરાવીને જ શાંત થયું. તેમાં ઘડીભરનો પણ વિલંબ ચલાવી લેવાયો નહી.

રાજા ધૃતરાષ્ટ્રના ૧૦૦ પુત્રો એક સામટા મરી ગયા ત્યારે રાજાએ ભગવાન શ્રીકૃષ્ણને પૂછ્યું કે મારા જીવનમાં મેં કોઈ એવું ભયંકર પાપ નથી કર્યું કે જેના ફળ સ્વરૂપે મારા એક સામટા ૧૦૦ પુત્રો મરી જાય. ત્યારે ભગવાને તેને તેના પાછલાં જન્મો જોઈ જવા માટે દૃષ્ટિ આપી ત્યારે તેણે જોયું કે આશરે ૫૦ જન્મ પહેલાં તે એક પારધી હતો અને વૃક્ષ ઉપર બેઠેલાં પક્ષીઓને પકડવા તેણે સળગતી જાળ એક વૃક્ષ ઉપર નાંખી. તેમાંથી બચવા કેટલાક પક્ષીઓ ઊડી ગયાં. પરંતુ તે સળગતી જાળની ગરમીથી તેઓ આંધળા થઈ ગયાં અને બાકીના ૧૦૦ નાના પક્ષીઓ બળી ને ખાખ થઈ ગયાં. આ ક્રિયામણ કર્મ ૫૦ જન્મ સુધી સંચિત કર્મમાં પાક્યા વગર પડી રહ્યું. અને જ્યારે રાજાના બીજા સઘળાં પુણ્યના પરિણામે તેને આ જન્મમાં ૧૦૦ પુત્ર પ્રાપ્ત થયા ત્યારે તે સંચિત કર્મ ફળ આપવા તત્પર થયું. તેથી તેને આ જીવનમાં અંધાપો આવ્યો અને તેના ૧૦૦ પુત્રો પણ મર્યા. ૫૦ જન્મ પછી પણ તેના ક્રિયમાણ કર્મે તેનો છાલ છોડ્યો નહી. આ પ્રમાણે ક્રિયમાણ કર્મ જે ફળ આપીને શાંત

થયાં નહિ તે સંચિત કર્મ કહેવાય. શુભ કર્મનું ફળ સુખ ભોગવવા પણ દેહ ધારણ કરવો પડે અને પાપકર્મનું ફળ દુઃખ ભોગવવા પણ દેહ ધારણ કરવો જ પડે છે. ફળ ભોગવવા માટેનું સાધન દેહ છે. દેહ ધારણ કરે તો જ ફળ ભોગવી શકાય. એટલે શુભ અગર અશુભ કર્મનાં ફળ ભોગવવા દેહ ધારણ કરવો જ પડે અને એટલે જ જન્મમરણના ચક્કરમાં આવવું જ પડે. જ્યાં સુધી જન્મમરણનાં ચક્કર રહે ત્યાં સુધી મોક્ષ મળ્યો ગણાય નહી. દેહ ધારણ ના કરવો પડે તેવી પરિસ્થિતિનું જ નામ મોક્ષ છે. તો પછી આપણને પ્રશ્ન થાય કે તો પછી મોક્ષ ક્યારે થાય ? તો હે ભક્તો ! માનવ માત્ર મોક્ષનો અધિકારી છે અને માનવ શરીર મોક્ષ પ્રાપ્ત કરવા માટે જ મળ્યું છે. માનવ શરીર ધારણ કરીને મોક્ષ પ્રાપ્ત ન કરી લે તો પછી ચોરાસી લાખ યોનિમાં ફરીથી ભટકવાની દશા આવે. મનુષ્ય માત્ર દેહના બંધનમાંથી છૂટીને પરબ્રહ્મમાં લીન થવાને ધારે તો સમર્થ છે અને સ્વતંત્ર પણ છે. જેને મોક્ષ મેળવવાની તીવ્ર ઈચ્છા થાય અને જેને મોક્ષ મેળવવો જ હોય તો તેને તમામ સંચિત કર્મોનો નાશ કરવો પડે. તમામ સંચિત કર્મોને જ્ઞાનાગ્નિથી ભસ્મ કરવાં પડે અને ચાલુ જીવનમાં પ્રારબ્ધ કર્મોને પૂરેપૂરાં ભોગવી લેવા પડશે. માટે માણસે એવાં ક્રિયમાણ કર્મો કરવાં જોઈએ કે જેથી તે સંચિતમાં જમા થાય જ નહિ.

નીચે જણાવેલ ક્રમો સંચિતમાં જમા થતાં નથી

(૧) અબુધ દશામાં કરેલાં કર્મો

(૨) અભાન અવસ્થામાં કરેલાં કર્મો, બાલ્યાવસ્થામાં કરેલા કર્મો અને અભાન અવસ્થામાં કરેલાં કર્મમાં રાગદ્વેષની પ્રેરણા હોતી નથી તેથી રાગદ્વેષના પ્રેરાયા સિવાયનાં કર્મો સંચિત કર્મોમાં જમા થતાં નથી. કોઈ નાનું બાળક અગ્નિમાં હાથ નાંખે તો તે દાઝે અને કર્મ તરત જ ફળ આપે છે. પરંતુ તે જ કર્મ પાછું ફરીથી સંચિતમાં જમા થઈને બીજી વખત ફળ આપવા ઊભુ રહે નહિ.

(૩) મનુષ્યયોનિ સિવાય બીજી યોનિઓમાં કરેલાં કર્મ સંચિત કર્મમાં જમાં થતાં નથી.

(૪) કર્તાપણાના અભિમાન સિવાય કરેલાં ક્રમો દા.ત. કોઈ સેશન્સ જજ ખૂનના ગુના બદલ ગુનેગારને ફાંસીની સજા કરે તો તે જજ ફાંસીની સજા કરતો હોય છતાં તેનામાં કર્તાપણાનું અભિમાન હોતું નથી. તે માત્ર કાયદાની મર્યાદામાં રહીને જ ન્યાયનું પાલન કરે છે. એવી જ રીતે જે માણસ માત્ર પોતાની શુભ ફરજોનું પાલન કરતો હોય તે જગતના કોઈ પણ માણસ અગર અનેક માણસને ગમે તેટલું નુકશાન કરતો જણાય છતાં તે કર્તાપણાના અભિમાન સિવાય કરતો હોવાથી તેને તે કર્મ બંધનરૂપ થતું નથી. અભિમાન રહિત જીવ ધર્મની મર્યાદામાં રહીને ન્યાય, નીતિથી જે કંઈ કર્મ પોતાની ફરજરૂપે કરે છે તે તમામ કર્મો કરતાં હોવાં છતાં તેનાથી લેવાતો નથી.

(૫) સમષ્ટિના કલ્યાણ માટે કરેલાં કર્મો સંચિત કર્મમાં જમા થતાં નથી.

(૬) નિષ્કામ કર્મો : નિષ્કામ કર્મ એટલે શાસ્ત્રવિહિત કર્મ, ધર્મની મર્યાદામાં રહીને અંગત રાગદ્વેષથી પ્રેરાયા સિવાય, કર્તાપણાના અભિમાન વગર જગત કલ્યાણ માટે પોતાનો અંગત કલુષિત સ્વાર્થ છોડીને કરેલું કર્મ તે નિષ્કામ કર્મ છે.

●

### ઈર્ષાળુને આશીર્વાદ

- સાં.યો. ઉષાબા ગુરુ કમળાબા (સુરેન્દ્રનગર)

દિનાનાથ ભટ્ટ સદાય સ્વામિનારાયણ ભગવાન પાસે કથા કરતા હતા. તેમને ભાગવત પુરાણના ૧૮૦૦૦ શ્લોક કંઠે હતા. ઘણો ખરો વખત તે શ્રીજી મહારાજ ભેળા જ રહેતા પણ નિર્વિકલ્પાનંદ મિથ્યાભિમાની સાધુનો સંગ થતા તે વિમુખ થઈ ગયા. એટલે શ્રીહરિ પાસે આવતા બંધ થઈ ગયા. શ્રી સ્વામિનારાયણ ભગવાને તેમને બોલાવ્યા તો પણ તે ન આવ્યા. તેમ કોઈના સમજાવ્યા પણ સમજ્યા નહિ.

એક સમયે જ્યારે તેમની મોટી દીકરીને બ્રહ્મ રાક્ષસ વળગ્યો ત્યારે તેને ઘણા દેવ-દેવીના પાઠ પૂજન કર્યા, ભુવાઓ પાસે દોરા ધાગા કરાવ્યા. આખરે દીકરી મરવાની અણી ઉપર આવી ત્યારે કોઈકે કહ્યું ભટ્ટજી ! જીદ છોડો દીકરીને જીવતી રાખવી હોય તો ધમંડ છોડો નિર્માની બનો, મહારાજ પાસે જાઓ એટલે બ્રહ્મ રાક્ષસ મુઠીયું વાળીને તેને ભાળતા જ ભાગી જશે. અંતે તે મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને જોતા જ આવકાર્યા, સભામાં બેસાડ્યા અને કુશળતાના સમાચાર પૂછ્યા.

પછી ભટ્ટજી કહે, હે કૃપાનાથ ! આ છોડીને બ્રહ્મરાક્ષસ વળગ્યો છે. તેના ઘણા ઘણા ઉપચાર કર્યા પણ કેડો છોડતો નથી. તે કેમેય જતો નથી. હવે તો તે મરવા વાંકે જીવે છે. ત્યારે મહારાજ કહે, અરે ! તમે આવા સમર્થ વિદ્વાન વિપ્ર છતાં એ તમારાથી ન ગયો ? તમે અમને તો પાખંડી હિન્દુસ્તાનમાંથી રખડતા આવીને અહીં ભગાવન બની બેઠેલા જાણો છો, તે અમારાથી તેનો શો ઉપાય થાય. ભટ્ટજી કહે ના મહારાજ. આ ચામડાની જીભ, ને વળી નિર્વિકલ્પાનંદના સંગે કરી કુસંગમાં પડી, અને ગમે તેમ બોલ્યો પણ આપતો ભગવાન છો. સૂરજ સામે ગમે તેટલી ધૂળ ઉડાડીએ તોય સૂરજ કદી ઝાંખો ન પડે. તેથી મારો અપરાધ માફ કરો અને આ દીકરીના જીવનું દુઃખ ટાળો, તેની સામે દયા કરી જુવો અને તેના પર કૃપા કરો.

મહારાજ કહે, ‘‘અમે એ બ્રહ્મરાક્ષસને કાઢીએ તો ભગવાન ખરા કે ? અને તમે પાછા સત્સંગમાં આવો કે નહિ ? ભટ્ટજી કહે ‘‘અરે મહારાજ ! તમે ભગવાન છો જ. સો વાર ભગવાન છો એ સત્ય કહું છું. તમારો કે આ સત્સંગનો હવે ક્યારેય પણ ત્યાગ નહિ કરૂં. પછી મહારાજે મયારામ ભટ્ટને બોલાવીને કહ્યું કે ભટ્ટજી, આ દીકરીને ભૂત વળગ્યું છે તે કાઢો. મહારાજનો આદેશ થતા મયારામ ભટ્ટે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ મહામંત્ર બોલતા ચપટી વગાડીને પડકારો કરીને કહ્યું, ‘‘ઓ દુષ્ટ, ભૂત ! ભાગીજા હવે આ દીકરીને તે ઘણી

હેરાન કરી છે. હવે તું બદરિકાશ્રમમાં જઈ વિરામ કરી ભગવાન ભજી તારા જીવની સદ્‌ગતિ કર. એજ વખતે ભટ્ટની દીકરીના અંગમાંથી બ્રહ્મરાક્ષસ મુઠીયું વાળીને ભાગ્યો. ત્યારે ભટ્ટજીને ભગવાનપણાનો દઢ નિશ્ચય થઈ ગયો. આમ મહારાજ ઈર્ષાળુને આશીર્વાદ આપે છે.

તેવી જ રીતે જીવાખાચરને મહારાજ પ્રત્યે દ્વેષ બુદ્ધિ થતા તેણે મહારાજનો ઘણો દ્રોહ કર્યો હતો, છતાંય તેમના અવગુણને માફ કરી દીધા.

જીવાખાચરને દેહ મુકવાનો વખત આવ્યો ત્યારે અમુલાબાઈએ મહારાજને કહ્યું, ''મારા બાપુ ઘણા જ બિમાર છે, તે ઘડી બે ઘડીમાં દેહ મેલે તેવું લાગે છે. તો તમો દર્શન દેવા પધારો.'' ત્યારે મહારાજ બે-ચાર પાળા ને સાથે લઈ જીવાખાચરને ઘેર પધાર્યા. મહારાજના દર્શન થયા. પછી જીવા ખાચરે પશ્ચાતાપ ભાવે નમન કર્યા. મહારાજે કહ્યું, ''જીવા ખાચર ! અમો તમારૂં કલ્યાણ કરીશું. જરાય મૂંઝાશો નહિ.

જીવા ખાચર કહે, હે મહારાજ ! મારૂં કલ્યાણ થાય એવો હું નથી. કેમ કે આ મંદિર થતી વેળા ભાવનગર રાજ્ય તરફથી મેં તકરાર ઉભી કરાવેલી. ભાણખાચર પાસે તમારા પાળાઓને માર મરાવ્યા. એવા કાળા કામો પણ મેં કરાવ્યા હતા. તેમજ દાદા ખાચર સાથે અન્યાયે કરી મેં બહુ તકરાર કરી છે. માટે હું તો જરાસંઘ-શિશુપાલ અને કંસથી પણ નીચો છું. તો મારૂં કલ્યાણ કેમ કરીને થાય ?

અંત વેળાનો આ પશ્ચાતાપ જોઈ મહારાજે જીવાખાચરનો જમણો હાથ પોતાના હાથમાં લઈ ત્રણ વખત તાલીઓ વગાડીને કોલ આપ્યો. હા... હા..... હા.... દરબાર અમે કહીએ છીએ કે તમારૂં કલ્યાણ કરીશું, કલ્યાણ કરીશું, કલ્યાણ કરીશું. એ પછી મહારાજ પોતે ઉતારે આવ્યાને જીવા ખાચરે દેહ મેલ્યો. એ ખબર મળતા અગ્નિ સંસ્કાર વખતે દાદા ખાચર સાથે મહારાજે ૮૦ પાળા આભડવા મોકલ્યા. અને સાંજે સભા થઈ ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, ''અમે જીવા ખાચરનું કલ્યાણ કર્યુ છે.'' સ્વામી કહે, ''તમે તો અધમ ઉધ્ધારણ પતિત પાવન છો. તો કલ્યાણ કરો જ ને ?'' એમાં કાંઈ શંકા નથી.

મહારાજે કહ્યું, ''અમે જીવાખાચરના બે ગુણ જોઈને તેનું કલ્યાણ કર્યું છે. સ્વામી કહે, ''તે કીયા ? તે તો કહો. મહારાજે કહ્યું, અમે જ્યારે જીવા ખાચરને ઘેર રહેતા હતા ત્યારે અમને હાથ ધોણું થયેલ. તે વેળાએ જીવા ખાચરે અતિ વર્ષાદથી અને શરીરે નબળાઈ જોઈ ઘરમાં ખાડો કરી અમને એ ખાડે બેસાડેલા.

અમે કહ્યું, ઘરમાં તે ખાડે જવાય કે ? ત્યારે તે બોલ્યા હતા કે તમારે વાસ્તે બધું જ કુરબાન છે. એક એ ગુણ અને બીજું એકવાર અમે તેને ઘેર શેરડી જમતા હતા ત્યારે અમારી આંગળીએ શેરડી સુધારતો છરી વાગી ગઈ. લોહી બહુ નીકળતું હતું. તે વખતે તેમણે પોતાનું માથા બાંધણ કાઢી તેનો છેડો કસબનો હતો તે ફાડીને એ પાટો અમને બાંધ્યો. અમે તેને કહ્યું ''જે આ કસબ કેમ ફાડ્યો ? ત્યારે તે કહે, ''તમારા ઉપરતો બધું વારી ફેરીને નાખી દઈએ તોય ઓછું પડે છે. એ ગુણે કરીને અમે એમનું કલ્યાણ કર્યું.

મુક્તાનંદ સ્વામીએ કહ્યું, એમણે એ કામ તો દ્રૌપદીજી જેવું જ કર્યું કહેવાય. તમે તો ઈર્ષાળુનેય આશીર્વાદ આપનારા અધમ ઉધ્ધારણ છો.

**શ્રી નરનારાયણદેવ મહોત્સવમાં સમસ્ત સત્સંગ સમાજને સેવા અંગે**

**શ્રી નરનારાયણદેવ મહોત્સવ હવે ખૂબજ નજીક આવી રહ્યો છે. મહોત્સવના ઉપલક્ષમાં ચાલતા ધાર્મિક અને સામાજીક આયોજનો ગામો ગામ અને શહેરોમાં પુર વેગે થઈ રહ્યાં છે. સમસ્ત સત્સંગ સમાજ તન, મન અને ધનથી સેવા અને ભજનમાં જોડાયેલ છે.**

**આથી સમસ્ત હરિભક્તોને ખાસ અનુરોધ છે જે, આપણા સૌના આ મહોત્સવમાં આર્થિક સેવામાં જોડાવા ઈચ્છતા ભક્તોએ પોતાના હેતરૂચિ વાળા સંતોનું માર્ગદર્શન લઈ અથવા તો પોતાના વિસ્તારના સર્વે ભક્તોને આર્થિક સેવામાં જોડાવવા ઈચ્છા હોય એમણે વારાવાળા સંતો અથવા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર કોઠાર ઓફિસમાં સંપર્ક કરવો. વિશેષ માહિતી માટે.**

**કોઠાર ઓફિસ : ૦૭૯-૨૨૧૩૨૧૭૦**

**શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ**
**મોબાઈલ નં. : ૯૦૯૯૯૩૯૩૭૬**
**અક્ષરમહોલ વાડી જેતલપુર**
**મોબાઈલ નં. : ૯૦૯૯૮૮૨૫૦૦**

**સમસ્ત સત્સંગને જાણ સારું**

સમસ્ત સત્સંગને જણાવવાનું જે, શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામ (બહેનોનું)માં રહેતા સાંખ્યયોગી ગીતાબા અને શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (બહેનોનું) માં રહેતા વિમળાબા આ બન્ને બહેનો સંપ્રદાયની પ્રણાલિકા નિયમનું ઉલ્લંઘન કરીને પોતાની મરજીથી ચાલ્યા ગયા છે. જેથી તેમને શ્રી નરનારાયણદેવ દેશના શિખરબધ્ધ મંદિર કે હરિમંદિરમાં આશ્રય આપવો નહીં. જેની સમસ્ત સત્સંગને જાણ થાય.

-આજ્ઞાથી

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ કહત હે સહજાનંદ સ્વામી સુનો સાધુ હરિજન અતિ આનંદ પામી. કીર્તનના રચયિતાનું નામ જણાવો ?

પ્ર. ૨ ''અમે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા ત્યારે હજારો માણસોનો મેળો ભરાયો હતો અમારા અંતરમાં એક ભગવાન નરનારાયણ વિના બીજુ કાંઈ ગમ્યું નહિ.'' શ્રીજી મહારાજે સ્વમુખે ક્યા વચનામૃતમાં કહ્યું છે.

પ્ર. ૩ રામચંદ્ર અને રતેશ્વર કરીને બન્ને ભાઈઓ ગામ રૂવાદના બ્રાહ્મણ હતા. પોતાના ગામનો ત્યાગ કરી તેના માતૃશ્રી સાથે ગઢપુર શ્રીજી મહારાજની સેવા માટે આવેલા. શ્રીજી મહારાજ સવારમાં પૂજા કરવા બેસે ત્યારે બંને ભાઈઓ વિષ્ણુ સહસ્ત્રનો પાઠ કરતા પછી બને ભાઈઓને બ્રહ્મચારીઓની દીક્ષા આપી શું નામ પાડ્યા ?

પ્ર. ૪ તુલસી બોલ્યો તો કુરુ જગન પડયો ખોટો ન ખરચાણું ધન - તુલસી વણિક ક્યા ગામનો હતો ?

પ્ર. ૫ ભગવાનનાં પાંચ રૂપો શાસ્ત્ર મુજબ ક્યા છે તે સ્વરૂપના નામ જણાવો ?

પ્ર. ૬ વડતાલમાં સ્વયં શ્રીહરિ બે આચાર્યોનું સ્થાપન કઈ સાલમાં અને કઈ તિથિના રોજ કરેલું ?

પ્ર. ૭ શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણ અને બળદેવજીના નામકરણ સંસ્કારનો પ્રસંગ આવે છે તેમાં શ્રીકૃષ્ણ અને બળદેવજીના નામ - કરણ કોણે કર્યા હતા ?

પ્ર. ૮ યોગ વશિષ્ટ રામાયણમાં જ્ઞાનની સાત ભૂમિકાઓ દર્શાવેલી છે તેનાં નામ જણાવો.

## સપ્ટેમ્બર-૨૦૧૪ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) વિરૂપ, કેતુમાન, શંભુ (૨) યુવાનાશ્વરના પુત્ર માન્ધાતાના. (૩) કાળ વિષમ હોય તો ત્યાંથી ભાગી છૂટવું. (૪) પૂર્વ જન્મનો સંસ્કાર તથા સંતની સેવાએ કરીને થાય છે. (૫) આ લૌકિક આશાઓ ત્યાગ કરાવીને ભગવાનની તરફની આશાનું ગ્રહણ કરવું. (૬) સત્સંગના વર્તમાન યથાર્થ પાળે ને ભગવાનનો નિશ્ચય દૃઢ રાખે એ મોક્ષનું રૂપ છે. (૭) સ.ગુ. ભૂમાનંદ સ્વામી.

૧ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૨ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૩ પટેલ સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર)
૪ સોની ઉર્મિલાબેન નવીનચંદ્ર (નારણપુરા)
૫ પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૬ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૭ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૮ પટેલ અંબાલાલ હરિદાસ (રાણીપ)
૯ હડીચોલ અરવિંદભાઈ વિઠ્ઠલદાસ (ખસ)
૧૦ પટેલ ભક્તિભાઈ પૂંજલદાસ (દેઉસણા)
૧૧ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (અમદાવાદ)
૧૨ પટેલ પસાભાઈ કાનદાસ (ડાંગરવા)
૧૩ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૪ મહંત શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૧૫ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૧૬ પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૧૭ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૧૮ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૧૯ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૨૦ ભાવસાર વીણાબેન રતિલાલ (નવરંગપુરા)
૨૧ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ઉંઝા)
૨૨ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૨૩ સાં.યો. ભારતીબા, મંજુબા (કાલુપુર સ્વા.મંદિર હવેલી)
૨૪ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૨૫ સાં.યો. સુરજબા, ઝવેરબા, પાર્ષદ દર્શનાબેન (વાવોલ સ્વા. મંદિર)
૨૬ ઉષાબેન મંગળભાઈ (વાવોલ)
૨૭ પટેલ શારદાબેન હસમુખભાઈ (વાવોલ)
૨૮ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨૯ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૩૦ પટેલ માધવલાલ સોમદાસ (મારૂસણા)
૩૧ પટેલ પ્રયાગ માધવલાલ (ન્યુ રાણીપ)
૩૨ પટેલ હેતલ પ્રયાગકુમાર (મારૂસણા)
૩૩ હર્ષદ બાપુનગર સ્વામિનારાયણ મંદિર
૩૪ પટેલ રક્ષા ભરતભાઈ (નિર્ણયનગર)
૩૫ પટેલ કૌશલ એચ. (મારૂસણા)
૩૬ પટેલ પૂજાબેન (મારૂસણા)
૩૭ પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૩૮ સાં.યો. બહેનો સ્વા. મંદિર દરબારગઢ બહેનોનું (જુનું) મોરબી
૩૯ ખંધડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૪૦ સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૪૧ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૪૨ સાં.યો. ઉષાબા, કોકીલાબા (સુરેન્દ્રનગર)
૪૩ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૪૪ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૪૫ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪૬ સાં.યો. રંજનબા તથા નાનીબેન (સ્વા. મંદિર બહેનોનું વિરાટનગર ઓઢવ)
૪૭ ઓચ્છવ મંડળ શ્રી સ્વા. મંદિર, એપ્રોચ-બાપુનગર
૪૮ સાધુ ધર્મકિશોરદાસજી ગુરુ લક્ષ્મણજીવનદાસજી સ્વામી (સ્વા. મંદિર એપ્રોચ-બાપુનગર)
૪૯ પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૫૦ પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૫૧ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)

# સત્સંગ સમાચાર

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં સંત-હરિભક્તો દ્વારા ગામોગામ થયેલ સભાઓ**

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટો)**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટો)માં તા. ૧૨-૯-૧૪ થી તા. ૧૪-૯-૧૪ સવારે ૮ થી પ્રારંભીને ૪૮ કલાક સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન કરવામાં આવી હતી. બન્ને દિવસ ધૂનમાં ભાઈઓ અને બહેનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. ધૂનની પૂર્ણાહુતિ બાદ સૌને પ્રસાદ જમાડવામાં આવેલ. આ પ્રસંગે માધવપ્રિય સ્વામીએ કથા વાર્તાનો લાભ આપેલ. (કોઠારી રજુજી ડાભી, કોરડીનેટર ડાભી અનંતસિંહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ**

સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા મહંત સ્વામી પી.પી. સ્વામી (નારાયણઘાટ) ની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે સ.ગુ. શતાનંદ મુનિકૃત ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય ૧૦૮ નામનો સમન્વય જનમંગલ નામાવલિ પાઠનું તા. ૨૦-૮-૧૪ ને શનિવારે રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી સુંદર આયોજન થયું. જેમાં ૨૦૦ જેટલાં હરિભક્તો જોડાયા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (નારાણઘાટ)ની સેવા પ્રેરણારૂપ હતી. (ડૉ. ગોવિંદભાઈ)

**ભાભર (બનાસકાંઠા)માં સત્સંગ સભા**

બનાસકાંઠામાં સત્સંગ ખૂબજ વિસ્તરતો થાય છે. ડીસા, ભાભર, દિયોદર, થરા આદિ ગામોમાં સત્સંગની પ્રવૃત્તિ ખૂબજ સારી ચાલે છે. અમદાવાદ મંદિરના સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના શિષ્ય કોઠારી મુનિ સ્વામી ખૂબજ રસ લઈ અહીં સત્સંગ કરાવી રહ્યા છે. તા. ૧-૮-૧૪ ના રોજ અત્રે અમદાવાદથી શા. રામ સ્વામી, શા. ચૈતન્યસ્વામી (કોટેશ્વર), શા.સ્વા. છપૈયાપ્રસાદદાસજી અને કોઠારી શા. મુનિ સ્વામીએ મહાપૂજા તેમજ ઠાકોરજી સાથે હરિભક્તોને ત્યાં પધરામણી કરી હતી. કથા વાર્તાનો લાભ આપી હરિભક્તોને રાજી કર્યા હતા. સૌને આગામી ઉત્સવના માહિતગાર કર્યા હતા. છેલ્લે પ્રસાદ લઈ સભા વિરામ પામી હતી. (નટુભાઈ કાનાબાર)

**નાંદોલ ગામે ૧૫૧ મિનિટની ધૂન**

નાંદોલ સમસ્ત સત્સંગ સમાજ તથા નરોડશ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા તા. ૧૪-૯-૧૪ ના રાત્રે ૮ થી ૧૦-૩૦ સુધી ૧૫૧ મિનિટની મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. આ પ્રસંગે શા. ચૈતન્ય સ્વામી, શા. મુનિ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. અને સભામાં ધૂનની પૂર્ણાહુતિ બાદ શ્રી નરનારાયણદેવનો મહિમા સાથે ઉત્સવની માહિતી પુરી પાડી હતી. હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લઈ ધન્ય બન્યા હતા. છેલ્લે ઠાકોરજીની આરતી બાદ પ્રસાદ લઈ સભા પૂર્ણ થઈ હતી. દહેગામ આદિના ગામોની સેવા સુંદર હતી.

(કોઠારીશ્રી નાંદોલ)

**માણેકપુર (ચૌધરી) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અ.નિ. સ્વામી કરશનદાસજીની પુણ્ય તિથિએ સત્સંગ સભા**

માણેકપુર (ચૌધરી) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અ.નિ. સ.ગુ. સ્વામીશ્રી કરશનદાસજીની સ્મૃતિમાં તથા શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપક્રમે વિવિધ ધાર્મિક આયોજન કરવામાં આવ્યા હતા. જેમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૧૨ કલાકની અખંડ ધૂન ગામના સમસ્ત હરિભક્તોએ સાથે મળી કરી હતી. આ પ્રસંગે અમદાવાદ મંદિરથી શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ), શા. છપૈયાપ્રસાદદાસજી, નિલકંઠ સ્વામી, હરિપ્રકાશ સ્વામી અને અત્રેના દેવ સ્વામીએ કથાવાર્તાનો લાભ આપી હરિભક્તોને રાજી કર્યા હતા. આ સુંદર પ્રસંગે અન્નકૂટના યજમાન મોહનભાઈ ચૌધરી રહ્યા હતા. સભા સંચાલન શ્રી શંભુભાઈ ચૌધરીએ કર્યું હતું.

(કોઠારી રમેશભાઈ અને ડાહ્યાભાઈ ચૌધરી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ પાર્ક (નરોડા)માં ૧૫૧ મિનિટની અખંડ ધૂન**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ પાર્ક (નરોડા)માં તા. ૧૪-૯-૧૪ ને રવિવારે સવારે ૮ થી ૧૦-૩૦ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની કુલ ૧૫૧ મિનિટની ધૂન કરવામાં આવી હતી. આ પ્રસંગે નારાયણઘાટથી મહંત પી.પી. સ્વામી, શા. ચૈતન્ય સ્વામી, કોઠારી શા. મુનિ સ્વામી, શા. છપૈયાપ્રસાદદાસજી અને હરિપ્રકાશદાસજી આદિ સંતોએ ધૂનમાં લાભ લીધો હતો. અંદાજે ૧૦૦૦ જેટલા હરિભક્તો ધૂનમાં જોડાયા હતા. ધૂનની પૂર્ણાહુતિ બાદ સંતો દ્વારા કથા વાર્તા બાદ પ્રસાદ જમીને સભા પૂર્ણ થઈ હતી. આ પ્રસંગમાં ટ્રસ્ટી મંડળ, યુવક મંડળ અને બહેનોની સેવા પ્રેરક હતી.

(પૂજારીશ્રી કર્મ શક્તિ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મેડા (ખાખરીયા)માં એકાદશી સભા**

અત્રે મેડા ગામે ૬૦ વર્ષથી દર માસની સુદ એકાદશીના ખાખરીયા વિસ્તારના જુદાં જુદાં ગામે સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ સુધી ભજન કીર્તન કથા વાર્તા થાય છે. ખરેખર સતત આટલા વરસ સુધી સત્સંગની આવી સુંદર પ્રવૃત્તિ ધન્યવાદને પાત્ર છે. તા. ૧૯-૯-૧૪ ને એકાદશીના અમદાવાદ મંદિરથી સ.ગુ. શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી), શા. છપૈયાપ્રસાદદાસજી, સ્વામી નિલકંઠદાસજી, સ્વામી હરિપ્રકાશદાસજી, પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી) પ.ભ. ઓધવજીભાઈ આદિ ભક્તો અમદાવાદથી પધાર્યા હતા. સંતોએ કથા વાર્તા કરી લાભ આપેલ. એકાદશી મંડળના ભક્તો ખૂબ રાજી થયા હતા. સૌએ સંતો દરેક સભામાં પધારીને લાભ આપે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. (કોઠારીશ્રી મેડા)

**માધવગઢ (તલોદ) ખાતે સમૂહ મહાપૂજા**

માધવગઢ (તા. તલોદ) ખાતે તા. ૨૧-૯-૧૪ ના રવિવારે સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન થયું હતું. ૧૨૫ જેટલા ભક્તોએ લાભ લીધો હતો.

આ પ્રસંગે શા. સ્વા. ચૈતન્યદાસજી, શા. કૂંજ સ્વામી અને હરિપ્રકાશદાસજીએ મહાપૂજાનું માહાત્મ્ય સમજાવ્યું હતું. શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ)એ પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. પ.ભ. કનુભાઈ, યુવક મંડળ અને મહિલા મંડળે સુંદર સેવા કરી હતી. ગામના ભક્તોએ તન, મન, ધનથી સેવા કરી હતી. (કોઠારીશ્રી માધવગઢ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્કમાં સૌ પ્રથમ વાર શ્રીહરિ સ્મૃતિ પંચાન્હ રાત્રીય પારાયણ**

શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક ખાતે તા. ૨-૯-૧૪ થી તા. ૬-૯-૧૪ પર્યન્ત શ્રીહરિ સ્મૃતિ પંચાન્હ રાત્રીય પારાયણ સુંદર રીતે સંપન્ન થઈ.

કથાના વક્તાપદે સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર) એ સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. જેના યજમાન મંદિરના ટ્રસ્ટીશ્રીઓ, તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળે લાભ લીધો હતો. કથા પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારીને ભક્તજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

અમદાવાદ મંદિરથી સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) આદિ સંતોએ પધારી સુંદર અમૃત વાણીનો લાભ આપેલ. પૂર્ણાહુતિના દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. સમસ્ત ભક્તોને છેલ્લા દિવસે પ્રસાદ જમાડવામાં આવેલ. દરેક ભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. સભા સંચાલન પ.ભ. ભરતભાઈ ઠક્કરે સંભાળ્યું હતું.

(કોઠારીશ્રી, જીવરાજપાર્ક મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવાવાડજ ૮ મી સત્સંગ સભા**

શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ ખાતે સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી અને સ્વામી હરિપ્રકાશદાસજી આદિ સંત મંડળે તા. ૭-૯-૧૪ ને રવિવારે કથા વાર્તાનો સુંદર લાભ આપેલ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર આયોજન કર્યું હતું. આ આઠમી સભામાં ઘણા જ ભક્તો પધાર્યા હતા. સભાના યજમાન પ.ભ. ગોવિંદભાઈ પરિવાર રહ્યા હતા. છેલ્લે આરતી અને નિયમ બાદ સૌએ પ્રસાદ લઈ સભા પૂર્ણ થઈ હતી. (કોઠારીશ્રી, નવાવાડજ)

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મપ્રવર્તકદાસજી (ગુરુ પૂ. ધ્યાની સ્વામી) તથા ચૈતન્ય સ્વામી દ્વારા શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં કુલ ૧૦ સત્સંગ સભા જુદાં જુદાં ગામોમાં થઈ હતી.**

**(૧) ગુલાબપુરા** ગામે હરિભક્તોને કથા વાર્તા કરી સુંદર લાભ આપેલ. આજુ બાજુના ગામોના હરિભક્તોએ પણ લાભ લીધો હતો.

**(૨) ઈટાદરામાં** તા. ૨૨-૮-૧૪ થી ૨૬-૮-૧૪ પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રી પુરુષોત્તમપ્રકાશ ગ્રંથની પારાયણ કરીને હરિભક્તોને રાજી કર્યા હતા. (કોઠારીશ્રી)

**(૩) વાગોસણા** અત્રે તા. ૨૭-૮-૧૪ થી ૨૯-૮-૧૪ પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત સ્નેહગીતાની કથાનું પાન સમસ્ત ગામના હરિભક્તોને કરાવીને દેવ, આચાર્યની નિષ્ઠા અને વફાદાર રહેવા ભલામણ કરી હતી. (ગુરુ સ્વામી)

**(૪) સોજા** ગામે સુંદર સત્સંગ સભા કરી હતી. જેમાં સમૂહ મહાપૂજાનું પણ સરસ આયોજન કર્યું હતું. શાસ્ત્રી ધર્મપ્રવર્તક સ્વામીએ મહાપૂજાની સમગ્ર વિધિ કરાવી હતી. તા. ૩૦-૮-૧૪ થી તા. ૩-૯-૧૪ પર્યન્ત કથા આદિ કરીને હરિભક્તોને રાજી કર્યા હતા. ચૈતન્ય સ્વામીએ પણ સારી સેવા કરી હતી. (કોઠારીશ્રી મોતીલાલ પટેલ)

**(૫) કોઠા** ગામે તા. ૪-૯-૧૪ અને ૫-૯-૧૪ એમ બે દિવસ ધર્મપ્રવર્તક સ્વામીએ સભામાં કીર્તન ભક્તિ કરીને શ્રી નરનારાયણદેવનો મહિમા કહ્યો હતો. ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. કોઠારી હરિભાઈ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને પૂજારી રામ ભગતે પ્રેરણારૂપ સેવા કરી હતી. ઘણા નવા આશ્રિતો પણ થયા હતા. ચૈતન્ય સ્વામીએ સુંદર સભા સંચાલન કર્યું હતું.

**(૬) ભાત-કાશીન્દ્રા પાલડી કાંકજમાં સત્સંગ સભા :** અત્રેના ગામોમાં ધર્મપ્રવર્તક સ્વામીએ સત્સંગ સભામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સાથે શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળનું માહાત્મય, સત્તશાસ્ત્રનો મહિમા અને નિયમ, નિશ્ચય અને પક્ષ રાખવા ઉપર સુંદર કથા કરી હતી. ચૈતન્ય સ્વામીએ પણ સારો લાભ આપેલ. (કોઠારી બંસીભાઈ)

**(૭) દિયોદરમાં સત્સંગ સભા :** તા. ૨૧-૯-૧૪થી ૨૩-૯-૧૪ પર્યન્ત ત્રણ દિવસ સભામાં ધર્મપ્રવર્તક સ્વામીએ વ્યસન મુક્તિ, શ્રી નરનારાયણદેવનો મહિમા, આચાર્ય મહારાજશ્રીનો મહિમા અને નિયમ, નિશ્ચય અને પક્ષની વાત કરી હતી. આ સભામાં દિલીપભાઈ ઠક્કર અને નવિનભાઈ આદિ હરિભક્તો પ્રેરક રહ્યા હતા. ચૈતન્ય સ્વામીએ સરસ વાતો કરી હતી. અત્રે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને કાલુપુર મંદિરના કોઠારી મુનિ સ્વામી ગુરુ મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજીના સાથ સહકાર અને પ્રેરણાથી ભવ્ય મંદિર નિર્માણ થઈ રહ્યું છે. (દિલીપભાઈ ઠક્કર)

**(૮) વણઝર ગામે સત્સંગ સભા :** અહીં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધર્મપ્રવર્તક સ્વામી અને ચૈતન્ય સ્વામીએ સુંદર કથામાં દેવ, આચાર્યશ્રીનો મહિમા અને નિયમ, નિશ્ચય અને પક્ષ સંબંધિત સુંદર કથા કરી હરિભક્તોને રાજી કર્યા હતા. કોઠારી રમણભાઈ આદિ હરિભક્તોએ પ્રેરણારૂપ સેવા બજાવી હતી. (ધર્મપ્રવર્તક સ્વામી)

**(૯) સરઢવ ગામે સભા :** અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શા. સ્વામી ધર્મપ્રવર્તકદાસજી અને ચૈતન્ય સ્વામીએ સભામાં દેવ, આચાર્યશ્રીનું માહાત્મ્ય અને શ્રીહરિ સ્થાપિત બે દેશની ગાદીનો મહિમા ભક્તોને સમજાવી શ્રી નરનારાયણદેવની દૃઢ નિષ્ઠા રાખવા ખાસ કહ્યું હતું. (કોઠારીશ્રી)

**(૧૦) શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ ૭ મું જ્ઞાનસત્ર અને સત્સંગ સભા :** અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૩-૯-૧૪થી તા. ૮-૯-૧૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચમ સ્કંધની કથા શા. સ્વામી ધર્મપ્રવર્તકદાસજીએ સુંદર શૈલીમાં કરી હતી. કથા પ્રસંગે એપ્રોચ મંદિરથી મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજી તથા હરિકૃષ્ણ સ્વામીએ સર્વોપરી ઉપાસનાની સરળ ભાષામાં વાત સમજાવી હતી. અમદાવાદ મંદિરથી સંતોએ પધારીને લાભ આપેલ તેમજ પ.ભ. શ્રી રતીભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી) કોઠારી અમૃતભાઈ તથા બોપલના સર્વે હરિભક્તોના સુંદર સાથ સહકારથી ૬૦૦ ભક્તોએ લાભ લીધો હતો. (કોઠારી અમૃતભાઈ પટેલ)

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં** શાસ્ત્રી કૂંજ વિહારીદાસજી અને પ્રતિક ભગતે ગવાડા, વિહાર, કુકરવાડા, ભીમપુરા, વજાપુર, જેપુર, હાથીપુરા, મારૂસણા અને દેત્રોજ ગામે મહાપૂજા, કથાવાર્તા આદિ કરીને હરિભક્તોને રાજી કર્યા હતા. સભાના યજમાન અંકિતભાઈ, દીક્ષીતભાઈ, નરેન્દ્રભાઈ, ભક્તિભાઈ અને સતીષભાઈએ લાભ લીધો હતો. (શા. કૂંજ સ્વામી)

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૨ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં થયેલ સભાઓ**

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (શ્રીનગર) સમૂહ મહાપૂજા**

શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૨ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં સંતોની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (શ્રીનગર) ખાતે સમૂહ મહાપૂજા તા. ૨૦-૯-૧૪ના રોજ સવારે ૮-૦૦ કલાકે યોજવામાં આવી હતી. જેમાં ૮૦ પાટલા રાખવામાં આવ્યા હતા. શા.સ્વા. ચૈતન્ય સ્વામી, શા. દિવ્યપ્રકાશદાસ અને સ્વામી હરિપ્રકાશદાસજીએ મહાપૂજાની વિધિ સતત ૩ કલાક કરાવી હતી. સમાપનમાં સમૂહ આરતી અને છેલ્લે પ.ભ. લક્ષ્મણભાઈએ સન્માન વિધિ અને યજમાનશ્રીની આભાર વિધિ કરી હતી. પૂજારી અશ્વિનભાઈ અને યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(કોઠારીશ્રી (શ્રીનગર) કલોલ)

**એપ્રોચ (બાપુનગર) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ સભા ખીચડી ઉત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગામી ૪૨ માં જન્મોત્સવ તેમજ ગાદી પદારુઢ દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં આપણા ઘણા મંદિરોમાં વિશેષ સત્સંગ સભાઓનું આયોજન થઈ રહ્યું છે. તેજ ઉપક્રમે ધર્મકુળ પરિવારના આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી ૪૫૦ મી સભાનું આયોજન તા. ૩૧-૮-૧૪ના રોજ અત્રે મંદિરમાં થયું હતું.

કાલુપુર, જેતલપુર, કાંકરિયા અને પંચવટી કલોલ મંદિરથી સંતો પધાર્યા હતા. ધૂન-કીર્તન ભક્તિ બાદ ગુરુપ્રસાદ સ્વામી, શા. ભક્તિનંદન સ્વામી અને હરિકૃષ્ણ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

છેલ્લે ખીચડી ઉત્સવ સુંદર રીતે થયો હતો. જેનો પ્રસાદ ૧૮૦૦ ભક્તોએ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા. જેના યજમાનપદે પ.ભ. જનકભાઈ ગજેરા રહ્યા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલ (બહેનોનું)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૨ માં જન્મોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલમાં તા. ૧૬-૯-૧૪ ના રોજ ૨૪ કલાકની મહામંત્ર ધૂન તથા જન્માષ્ટમીના વડનગરના મહંત સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજીએ મહાપૂજા કરાવી હતી. જેમાં સાંખ્યયોગી બહેનો પ્રેરક રહ્યા હતા. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા**

અત્રે શ્રી બાલસ્વરૂપ કષ્ટભંજનદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા કાંકરિયા મંદિરના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા મહંત

સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી જલઝીલણી એકાદશીના શ્રીહરિને જળક્રિડા કરાવવા શ્રી ગણપતિજીનો વિસર્જનનો વરઘોડો કાંકરિયા-મણીનગર વિસ્તારમાં ફરીને કાંકરિયા તળાવે પ્રસાદીની જગ્યામાં સુંદર સભામાં ઓચ્છવીયા મંડળ દ્વારા ઓચ્છવ અને સંતોની પ્રેરક વાણીબાદ આરતી કરીને બોટ દ્વારા શ્રી ગણપતીજીને જળક્રિડા કરાવીને સુંદર ઉત્સવ થયો હતો. વરઘોડામાં ટ્રેકટર બગી, બેન્ડવાજા, ઉંટગાડી સાથે અનેક વાહનો જોડાયા હતા. ભવ્ય ઉત્સવ થયો હતો.

કાંકરિયા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા શ્રાધ્ધ પક્ષમાં ૧૫ દિવસ સુધી જુદાં જુદાં ભક્તોના ઘરે સંતો સાથે ધૂન-ભજન કીર્તન ભક્તિ કરી લાભ આપેલ. સૌને પ્રસાદની વ્યવવસ્થા પણ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભક્તો ધૂનમાં ઉપસ્થિત રહ્યાં હતા. કાંકરિયા મંદિરના અ.નિ. સ.ગુ. શા. સ્વામી હરગોવિંદદાસજીની પુણ્યતિથિ નિમિત્તે મંદિરમાં ધૂન ભજન કીર્તન આદિ થયા હતા. (હિરેન પટેલ કાંકરિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર દોલારાણા વાસણા**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સૌ ગામના ભક્તોએ સાથે મળી જન્માષ્ટમી ઉત્સવ ઉજવ્યો હતો. સુંદર સિંહાસનમાં બિરાજમાન ઘનશ્યામ મહારજના સાનિધ્યમાં ઠાકોરજીને પારણામાં પધરાવી જન્મોત્સવ ઉજવ્યો હતો. બહેનોએ મહાપ્રસાદની સેવા કરી હતી. પૂજારી હસમુતીબહેનની પ્રેરણાથી સુંદર ઉત્સવ થયો હતો. ભક્તોએ સુંદર લાભ લીધો હતો. (કોઠારી જોઈતાભાઈ ચૌધરી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગર નરોડા દ્વિતીય પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. બળદેવ સ્વામી ગુરુ ગવૈયા સ્વામીની પ્રેરણાથી તા. ૭-૯-૧૪ ના રોજ અત્રે મંદિરનો દ્વિતીય પાટોત્સવ ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧-૯-૧૪ થી તા. ૫-૯-૧૪ પર્યન્ત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી (એપ્રોચ મંદિર)ના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવનની પંચાન્હ પારાયણનું આયોજન થયું હતું. તા. ૭-૯-૧૪ ના રોજ સવારમાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક અને શ્રી ઘનશ્યામ મહારાજની અન્નકૂટ આરતી ઉતારી હતી. આ પ્રસંગે કાલુપુર, જેતલપુર, એપ્રોચ તથા કલોલ પંચવટી મંદિરથી સંતો પધાર્યા હતા. શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુર) તથા સ્વામી હરિકૃષ્ણદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. સભા બાદ ધૂન થઈ હતી. છેલ્લે પ્રસાદ લઈ સૌ છૂટા પડ્યા હતા. પાટોત્સવના યજમાન પ.ભ. ગુણવંતભાઈ ડાહ્યાભાઈ પટેલ રહ્યાં હતાં. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મોડાસા શ્રી સ્વામિનારાયણ મંદિર (સોની વાડા)માં સર્વે હરિભક્તો જેમાં અમૃતભાઈ પટેલ તથા સુભાષભાઈ સોની આદિ તથા ઘનશ્યામ મંડળની બહેનોએ સાથે મળી હિંડોળા ઉત્સવ, જન્માષ્ટમી ઉત્સવ અને શ્રી નરનારાયણદેવ મહોત્સવ અને ૪૨ માં જન્મોત્સવના ઉપલક્ષમાં ધૂન આદિ કરેલ.

(કે.બી. પ્રજાપતી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલમાં આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે. ચાતુર્માસમાં તમામ નાના બાળકો આદિએ યથાયોગ્ય નિયમો ધારણ કર્યા હતા.

શ્રાવણ માસમાં હિંડોળા અને જન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવાયા હતા. યજ્ઞપુરુષ સ્વામીએ દશમસ્કંધની સુંદર કથા કરી હતી. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવની આરતીનો લાભ પ.ભ. વાડીભાઈ નગીનભાઈ ઠક્કર પરિવારે લીધો હતો. શ્રીકૃષ્ણ લીલાના વિવિધ દર્શન કરાવ્યા હતા.

કોઠારી અમૃતભાઈ પટેલ, શ્રી રાજુભાઈ પટેલ અને પ્રશાંતભાઈ વ્યાસ આદિ અનેક યુવાનો સેવામાં જોડાયા હતા.

(પ્રવિણભાઈ ઉપાધ્યાય)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિમંતનગર કથા પારાયણ - વિવિધ પ્રવૃત્તિઓ ને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગમન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી હિમંતનગરના મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે ચાલતા શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળને ૨૭ વર્ષ પૂર્ણ થતા તેના ઉપક્રમે પંચ દિનાત્મક જનમંગલ કથા કરવામાં આવી હતી. જેમાં સુરેન્દ્રનગરથી સાંખ્યયોગી બહેનોએ પધારી કથાવાર્તાનો લાભ આપેલ. રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં સુંદર મહાપૂજા કરવામાં આવી હતી. મહંત સ્વામીએ હરિભક્તોની સેવાને વિરદાવી હતી.

અત્રે હિમંતનગર મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૯-૮-૧૪ ના રોજ શ્રી ગણપતિ દાદાનું પૂજન કરવામાં આવ્યું હતું. રાધાષ્ટમીને તા. ૮-૯-૧૪ના રોજ બહેનોની સુંદર સભા થઈ હતી. બહેનોએ ભજન ધૂન-કીર્તન સમૂહમાં કરી ૧૨ વાગે આરતી કરી હતી.

તા. ૩૧-૮-૧૪ રવિવારના ખીચડી ઉત્સવ ઉજવ્યો હતો. સંતોએ શ્રીહરિના મહિમાની વાતો કરી હતી. તા. ૫-૯-૧૪ જળઝીલણી એકાદશીના રજત જયંતી મહોત્સવ અંતર્ગત બહેનોની સભા કરવામાં આવી હતી. જેમાં વિહારથી સાંખ્યયોગી બહેનોએ કથાવાર્તા કરી લાભ આપ્યો હતો. દરેક

ભક્તોએ શ્રી ઘનશ્યામ મહારાજને જલાભિષેક કરી ધન્ય બન્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગમન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રેના મહંત પ્રેમપ્રકાશ સ્વામીની પ્રેરણાથી હિમંતનગર મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજને ૨૫ વર્ષ પૂર્ણ થતા તથા નિજ મંદિરનું બાંધકામ પૂર્ણ થતા પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાનિધ્યમાં ભવ્ય સત્સંગ સભા યોજવામાં આવી હતી. વહેલી સવારે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગમન થતા યજમાન શ્રી દિનેશભાઈ પશાભાઈ પટેલ (સાચોદરવાળા)ના ઘેર પધરામણી કરી નૂતન ઓફિસનું ઉદ્દ્ઘાટન કરી સભામાં પધાર્યા હતા. અને સૌને રૂડા આશીર્વાદ આપીને ઉત્સવમાં સેવા કરવા અનુરોધ કર્યો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ હિમંતનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં બાલ સત્સંગ મંડળ ચિત્ર સ્પર્ધા**

પ.પૂ. આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ બાળ સત્સંગ મંડળ, કાલુપુર અમદાવાદ દ્વારા તા. ૭-૯-૧૪ ના રોજ મંદિરના સભામંડપમાં શ્રી ઘનશ્યામ બાલ લીલા ચરિત્રોની ચિત્રસ્પર્ધા યોજાઈ. જેમાં ૪૮ બાળકોએ ભાગ લીધો હતો. જે પૈકી નીચના બાળમિત્રોના ચિત્રો પ્રોત્સાહન ઈનામને પાત્ર ઠરેલ છે.

(૧) હર્ષિલ રવિન્દ્રભાઈ મોદી (ઉં. ૧૨ વર્ષ) (૨) ચૌહાણ યશ (ઉં. ૧૨ વર્ષ) (૩) પારેખ ઓમ (ઉં. ૧૦ વર્ષ) (૪) પાટીદાર મિતેષ એસ. (ઉં. ૧૨ વર્ષ) (૫) રાહુલ રાજુભાઈ (ઉં. ૧૦વર્ષ)

ઉપરોક્ત બાળકોની ઉત્તરોત્તર પ્રગતિ માટે પ.પૂ. લાલજી મહારાજશ્રી આશીર્વાદ પાઠવે છે. ઈનામ પાત્ર બાળમિત્રોને વોલ ક્લોક અને ભાગ લેનાર બાળ મિત્રોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ. (ગોપાલભાઈ મોદી એડવોકેટ)

**દેવરાસણ ગામે મૂર્તિ પ્રતિષ્ઠા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તેમજ જેતલપુરધામના મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી મહેસાણા જીલ્લાના દેવરાસણ ગામે તા. ૨૫-૯-૧૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં સર્વોપરી શ્રીહરિની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા વિધિવત રીતે ધામધૂમથી સંપન્ન થઈ.

મૂર્તિ પ્રતિષ્ઠા અંતર્ગત મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગામના ભક્તોએ ઉત્સાહ ભેર તન, મન અને ધનની સેવા કરી હતી. પ્રાસંગિક સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન, અર્ચન, આરતી યજમાન પરિવાર તથા મંદિર નિર્માણમાં સેવા આપનાર ભક્તો પૈકી નારણપર (કચ્છ) હાલ લંડન રહેતા પ.ભ. નાનજીભાઈ હીરાણી, માવજી હીરાણી, શિવજી હીરાણી તથા નારણભાઈ મોદી પરિવાર મહેસાણા તથા દેવરાસણના ચારણ પરિવાર આદિ ભક્તોએ કર્યું હતું. પૂ. પી.પી. સ્વામીએ મંદિર તેમજ ગામના ઈતિહાસની વાત કરી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. આ પ્રસંગે જેતલપુર, મહેસાણા, મકનસર, છપૈયા આદિ ધામના સંતો પધાર્યા હતા. (ચિમન કાકા પટેલ ભાત)

**ખેરવા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા**

શ્રી નરનારાયણદેવ ગાદી પદારુઢ, બાદ પ્રથમ વખત પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તા. ૨૫-૯-૧૪ ના રોજ ખેરવા મંદિરમાં દર્શનાર્થે પધાર્યા હતા. અહીં જેતલપુર મંદિરના સંતો દ્વારામંદિરમાં સત્સંગ સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સુંદર સભામાં બિરાજમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ગામના સર્વે હરિભક્તોએ પૂજન, અર્ચન, આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. સૌ હરિભક્તોને પૂ. શા.પી.પી. સ્વામીએ સર્વોપરી શ્રી નરનારાયણદેવ અને સર્વોપરી ગાદીનું માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સૌ ભક્તોને રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. (રમેશભાઈ ખેરવા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર (આઈ.એસ.એસ.ઓ.) બ્રાઈટન (યુ.કે.)**

શ્રીહરિની પરમ કૃપાથી તથા શ્રીહરિના અપર સ્વરૂપ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ઈસો બ્રાઈટન શ્રી સ્વામિનારાયણ મંદિર નો ૧૫ મો પાટોત્સવ તા. ૫-૯-૧૪ થી તા. ૭-૯-૧૪ દરમ્યાન વિધિવત રીતે ઉજવાયો.

પાટોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ કથા સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી તથા સ્વામી ભગવતચરણદાસજી (મૂળી)એ કરી હતી. સમગ્ર પ્રસંગમાં બ્રાઈટન મંદિરના પ્રમુખશ્રી પ્રકાશભાઈ કાનજી, સભ્યશ્રીઓ, તથા સમગ્ર સત્સંગ સમાજે સુંદર સેવા સાથે વ્યવસ્થા કરી હતી.

(શામજી ભગત પૂજારી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ૯ મો પાટોત્સવ**

શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા (અમેરિકા)નો ૯ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી ઓગસ્ટના છેલ્લા વિકમાં ઉજવાયો. આ પ્રસંગે મહંત શા. ધર્મકિશોરદાસજીએ સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. એકાદશીની પૂર્વ સંધ્યાએ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને આશીર્વાદ આપી ખૂબ રાજી

થયા હતા. ભવ્ય પોથીયાત્રા, ધૂન કીર્તન ભક્તિ કરતા અને રાસ ગરબા સાથે ધામધૂમથી નીકળી હતી. બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ થયા હતા. ઠાકોરજીને ષોડશોપચાર અભિષેક વિધિવત રીતે થયો હતો. સંતોની પ્રેરકવાણી અને યજમાનો અને રાજતિલક, મગુટ અને ઘરેણા - વાઘા - આભૂષણો અર્પણ કરનાર તેમજ અન્ય સેવા કરનારનું સન્માન સભામાં કરવામાં આવ્યું હતું. છેલ્લે અન્નકૂટ આરતીના દર્શન બાદ સૌએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. (પ્રવિણલાલ શાહ)

**મૂળીધામ લૂઈવીલ (કંટકી) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ગણેશ ઉત્સવ**

નૂતન ભવ્ય મૂળીધામ લૂઈવીલ કંટકી (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ઓગસ્ટના છેલ્લા વિકમાં ગણેશ ચતુર્થી ઉત્સવ-વિસર્જન એકાદશીના પવિત્ર દિવસે મહંત શા. ધર્મવલ્લભદાસજી, મહંત શા. હરિનંદનદાસજી અને શા. વ્રજવલ્લભ સ્વામીની ઉપસ્થિતિમાં હરિભક્તોએ મંદિર પાસે આવેલા લેઈક પર પધારી ભગવાનનો અભિષેક વિસર્જન કર્યું હતું. સુંદર કથા વાર્તા, ધૂન, ભજન કીર્તન સાથે મળી કર્યા હતા. જેના યજમાન ભરતભાઈ ગાંડાભાઈ પટેલ અને રોહિતભાઈ ડાહ્યાભાઈ પટેલ રહ્યા હતા. ૨૫ ભક્તોએ પૂજામાં બેસી લાભ લીધો હતો.

કમિટી સભ્યો, હસમુખભાઈ અને રસોડામાં સેવા કરનાર બહેનોની સેવા પ્રેરણારૂપ હતી. (પ્રવિણભાઈ)

**જેતલપુરધામ ચેરીહીલ મંદિરનો ૭ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાથી અત્રે અમેરિકાના જેતલપુરધામ ચેરીહીલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૭ મો પાટોત્સવ ઓગસ્ટના છેલ્લા વિકમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી, પૂ. શ્રી બિંદુરાજા, શ્રી સૌમ્યકુમાર અને શ્રી સુવ્રતકુમારના શુભ સાનિધ્યમાં અનો આઈ.એસ.એસ.ઓ.ના દરેક ચેપ્ટરોના સંતો મહંતોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે મહંત સ્વામી સિધ્ધેશ્વરદાસજીએ શ્રીહરિ ઐશ્વર્ય દર્શનની ત્રિદિનાત્મક કથા શ્રોતાઓને સંભળાવી હતી. ત્યારબાદ મહાનુભાવ સંતોની પ્રેરક વાણી અને મહંત સ્વામી દ્વારા યજમાન પરિવારનું સન્માન થયું હતું. મહેમાનો અને ભક્તોનું સન્માન મંદિર તરફથી જયવલ્લભ સ્વામીએ કર્યું હતું. બહેનો દ્વારા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી, પૂ. બિન્દુરાજા તથા શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમારનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. છેલ્લે થાળ આરતી બાદ ઠાકોરજીના અન્નકૂટ દર્શન કરાવવામાં આવ્યા હતા. (પ્રવિણ શાહ)

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

| | | |
|---|---|---|
| ૮૮૮/- | કાચા ટેલર્સ પરિવાર હ. મુળજીભાઈ કાચા | લેસ્ટર-યુ.કે. |
| | શ્રીજી પ્રસન્નાર્થે | |
| ૫૦૦/- | પરમાર જગદીશ બચુલાલ | ધૂળકોટ-નાઈરોબી |
| | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | |
| ૧૦૧/- | અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ | દહેગામ |
| | માસિક પુણ્ય તિથિ નિમિત્તે | |
| ૧૦૧/- | અ.નિ. પરમાર અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે | જાંબુડા |
| ૫૫૫/- | પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે | ઈસ્ટ લંડન |
| | ભૂડીયા કાંતિલાલ કેસરા | |
| ૫૫૫/- | પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે | ઈસ્ટ લંડન |
| | અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા | |
| ૧૦૧/- | અ.નિ. ભાવસાર તેજેસકુમાર કનુભાઈના સ્મરણાર્થે | સાણંદ |
| ૫૦૦/- | પરમાર સ્નેહા જગદીશભાઈ જન્મ દિને | મુંવઈ - વિલેપાર્લે |
| ૧૫૧/- | પટેલ ચિંતનકુમાર અરવિંદભાઈ ચિ. પ્રિયાના જન્મ પ્રસંગે | વડુ |
| ૨૦૦/- | અ.નિ. પટેલ શીવાભાઈ જેઠાભાઈ ૨૦મી | કુબડથલ |
| | પુણ્ય તિથિ નિમિત્તે | |
| ૨૦૧/- | ચૌહાણ ભાણજીભાઈ શાંતિલાલ પ્રથમ પગાર નિમિત્તે | |
| ૧૦૧/- | પટેલ રાજવીકુમાર વિરેન્દ્રકુમાર શ્રીજી પ્રસન્નાર્થે | બાયડ |
| ૧૦૧/- | પટેલ કૌશલેન્દ્ર ભરતભાઈ લવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાયડ |
| ૧૦૧/- | પટેલ રિધ્ધિબેન ભરતભાઈ લવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બાયડ |
| ૧૧૦૦/- | પટેલ સોનાલી બિપીનકુમાર | અમરાઈવાડી-અમદાવાદ |
| | શ્રી નરનારાયણદેવની કૃપાથી અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે | |
| ૨૦૦/- | વાઘેલા વેલુભા હિમંતસિંહ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે | ગરોડીયા |
| ૨૦૦/- | પરીખ જયંતીભાઈ પરિવાર શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૦/- | ડાભી સુરેશકુમાર ધનશ્યામજી | ડાંગરવા |
| | ચિ. હરપાલસિંહને એમ.બી.બી.એસ.માં એડમીશન નિમિત્તે | |
| ૧૦૧/- | પટેલ કૌમિલ ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વાગોસણા |
| ૨૦૦/- | પટેલ કાવ્યા તેજસભાઈ મોહનભાઈ જન્મ દિને | માણેકપુર |
| ૧૦૦/- | પટેલ જીજ્ઞેશભાઈ | નાંદોલ |
| | આઈ. એલ.આઈ.સી.ના ૧ ૨ વર્ષ નિમિત્તે | |
| ૧૦૦/- | શાહ ભગવતભાઈ ફકીરચંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ગાંધીનગર |
| ૧૦૦/- | ખેર રામસંગભાઈ ગટોરભાઈ | બળોલ-ભાલ |
| | તેમના પિતાશ્રી ગટોરભાઈની પુણ્ય તિથિ નિમિત્તે | |
| ૫૦૧/- | દોંગા પરેશભાઈ તલુસીભાઈ બ્લોક રાખ્યો તે નિમિત્તે | મુંબઈ |
| ૧૦૧/- | પરમાર જયરાજસિંહ બળવંતસિંહ | બળોલ-ભાલ |
| | ડિપ્લો. મિકેનિકલમાં ૮૨% નિમિત્તે | |
| ૧૦૦/- | મૌલિકભાઈ કેનેડા ટુર નિમિત્તે | રાણીપ |
| ૨૦૦/- | પટેલ કેવલભાઈ અજીતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વાસણા |
| ૧૦૦/- | પટેલ જેઠાલાલ લાલદાસ | ડાંગરવા |
| | ચિ. સંગીતા જન નર્સિંગની પરીક્ષામાં પાસ નિમિત્તે | |
| ૧૫૧/- | પટેલ કચરાભાઈ જોઈતારામ શ્રીજી પ્રસન્નાર્થે | ગવાડા |
| ૧૦૦/- | પટેલ યોગેશકુમાર કાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે | ઉબખલ |
| ૨૨૨/- | અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે | મહેસાણા |
| ૨૨૨/- | અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે | સાબરમતી |
| ૧૦૧/- | સોની બિન્દીયા સંજયભાઈ જન્મ દિને | અમદાવાદ |
| ૧૦૧/- | અમીન ઠાકોરભાઈ કાશીભાઈ | અમદાવાદ |
| | અમેરિકાના વિઝા નિમિત્તે | |
| ૧૦૦/- | ડૉ. ચંદ્રિકાબેન કિરણભાઈ ઠક્કર જન્મ દિને | રાણીપ |

૧૦૦/- પટેલ તેજસ જીતુભાઈ ધો-૧૦ પાસ થયા તે નિમિત્તે નાંદોલ
૧૦૦/- પટેલ આનલબેન જીતુભાઈ ધો-૭ માં પાસ નિમિત્તે નાંદોલ
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૨૫૦/- પટેલ રુવીન પાર્થકુમાર જન્મ દિને નવા નરોડા
૨૦૧/- પટેલ જયેશકુમાર ચંદુલાલ નવું મકાન લીધું તે નિમિત્તે ખેરવા
૧૦૧/- સોલંકી ગાંડાભાઈ ગોબરભાઈ જન્મ દિને ડેમાઈ
૧૦૧/- કા. ચિમનભાઈ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૫૧/- સાપરીયા મુકેશભાઈ ગોવિંદભાઈ ચિ. જયના જન્મ નિમિત્તે ધૂડકોટ
૧૦૧/- પટેલ મેનાબેન નટવરલાલ શ્રીજી પ્રસન્નાર્થે રાજપુર
૧૦૧/- પટેલ જ્યોત્સનાબેન રસિકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાજપુર
૨૦૦/- પટેલ કાંતાબેન બાબુલાલ શ્રાધ્ધ નિમિત્તે રાજપુર
૧૦૧/- પટેલ મૌલિકભાઈ રાજેશભાઈ જન્મ દિને રાજપુર
૧૦૧/- પટેલ બેબીબેન ધરમાભાઈ શ્રાધ્ધ નિમિત્તે રાજપુર
૧૦૧/- રાવલ જ્યોત્સનાબેન પ્રેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાજપુર
૧૦૧/- પટેલ વિષ્ણુભાઈ જોઈતારામ શ્રીજી પ્રસન્નાર્થે રાજપુર
૧૦૧/- પટેલ રસિકભાઈ કાંતિલાલ શ્રાધ્ધ નિમિત્તે રાજપુર
૧૦૧/- મનાણી પાર્થ દામજીભાઈ મુંબઈ
બી.ઈ. સિવીલમાં એડમીશન નિમિત્તે
૧૦૧/- પટેલ કાંતિભાઈ નથુદાસ શ્રીજી પ્રસન્નાર્થે રાજપુર
૧૦૧/- પટેલ હીરાબેન કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાજપુર
૧૦૦/- પાલ સવિતાબેન નંદુભાઈ વિપુલભાઈના સ્મરણાર્થે રાજપુર
૧૦૦/- રાઠોડ તીર્થભાઈ બિપીનકુમાર જન્મ દિને ચિખલી
૧૦૦/- પટેલ ધરણી શિરાલી ઉન્નત લેપટોપ લાવ્યા તે નિમિત્તે આકરૂંદ
૧૦૦/- અ.નિ. પટેલ ધીરુભાઈ હીરાભાઈ આકરૂંદ
ચોથી પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે આકરૂંદ
૧૦૦/- પટેલ કિરીટભાઈ શકરાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે આકરૂંદ
૧૦૧/- દરજી મનોજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- વાઘેલા મહેન્દ્રસિંહ ભાવુભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા મનહરબા મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૫૧/- પટેલ મણીલાલ પરસોતમદાસ કોલાદ
ચિ. ધ્રુવ તથા આર્યનના જન્મ દિને
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- ચૌહાણ આયુષસિંહ વજેસિંહના સ્મરણાર્થે ટાંકીયા
૧૦૦/- ચૌધરી દશરથભાઈ અમૃતભાઈ સર્વે પિતૃઓના સ્મરણાર્થે બાલવા
૧૦૦/- વાઘેલા નિખિલસિંહ શિવસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- પટેલ નૈલેશકુમાર અમૃતલાલ ગોવિંદપુરા વેડા
અમેરિકા બિજનેશ નિમિત્તે
૧૦૦/- જાદવ ભરતભાઈ ખેંગારભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે માલનપુર
૨૦૦/- પટેલ નયનાબેન પંકજભાઈ કરજીસણ
ડ્રાઈવીંગ લાયસન્સ મળ્યું તે નિમિત્તે
૨૦૦/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ કરજીસણ
તેમના પિતાશ્રીના શ્રાધ્ધ નિમિત્તે
૧૧૧/- પટેલ સંદિપભાઈ નારણભાઈ કેનેડાના સ્ટુડન્ટ વિઝા નિમિત્તે વિહાર
૧૦૧/- મોદી હર્ષદભાઈ ચંદુલાલ ચિ. નિશિતના સગપણ નિમિત્તે ઉંઝા
૧૦૧/- પટેલ બચુભાઈ બાબરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૧/- ગજ્જર રાકેશ જગદીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઝુલાસણ
૧૦૧/- પટેલ યુવરાજકુમાર ગોપાલકુમાર શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૧/- પંચાલ ક્રિશા જીગ્નેશભાઈ જન્મ દિને ચાંદલોડીયા
૧૦૧/- અ.નિ. પંચાલ અરવિંદભાઈ જીવરામભાઈના ચાંદલોડીયા
સ્મરણાર્થે
૧૦૦/- અ.નિ. પટેલ વિમળાબેન આત્મારામભાઈ કુબડથલ
પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- પટેલ દેવાંશી લાલજીભાઈ જન્મ દિને દહેગામ
૧૦૦/- પટેલ હરિભાઈ લખુદાસ શ્રીજી પ્રસન્નાર્થે મોટપ
૧૦૧/- અ.નિ. સોની સુમનલાલ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ કૌશિકકુમાર જયંતીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મારૂસણા
૧૦૦/- પટેલ વિનોદકુમાર જીવણલાલ શ્રીજી પ્રસન્નાર્થે મારૂસણા
૧૦૦/- દરજી પ્રગ્નેશકુમાર ભીખાભાઈ દહેગામ
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૨૫૧/- પટેલ કોકિલાબેન મફતભાઈ જન્મ દિને સુઘડ
૨૦૦/- પટેલ ધ્યાના વિરેનભાઈ જન્મ દિને નાંદોલ
૧૦૧/- દવે દેવલ નિરજકુમાર ફલેટ લીધો તે નિમિત્તે બેંગ્લોર
૧૦૦/- પટેલ રામાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૦/- ભાવસાર તીર્થ રૂપેશકુમાર જન્મ દિને અમદાવાદ
૧૦૧/- નાયક હાર્દિક રાજેન્દ્રકુમાર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ નિમિષભાઈ વસંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉંઝા
૧૫૧/- ટાંક હેત હસમુખભાઈ પ્રથમ જન્મદિને બોડકા
૧૦૦/- પટેલ દેવાંગ વિઠ્ઠલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સીકા
૧૦૧/- પટેલ નંદુબેન કાળીદાસ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૫૧/- જાદવ હાર્દિક રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સીડની (ઓસ્ટ્રેલીયા)
૧૦૧/- પટેલ વિલાસબેન માનતા નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ વિલાસબેન શ્રીહરિ પાસે ભૂલની ક્ષમા અર્થે અમદાવાદ
૧૦૧/- રાણા કોમલબેન જગતસિંહ જન્મ દિને દહેગામ
૧૦૦/- સોલંકી ઉમેશ નારણદાસ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૫૧/- અ.નિ. પટેલ સોમાભાઈ માધવદાસ શ્રીજી પ્રસન્નાર્થે મોખાસણ
૧૫૧/- અ.નિ. પટેલ સવિતાબેન નવિનચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે મોખાસણ
૧૫૧/- ભરવાડ માંડણભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાણોતર
૧૦૦/- પટેલ વીણાબેન જગદીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- પટેલ પલકબેન હાર્દિકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- પટેલ હરિભાઈ કે. પૌત્રી પ્રિયલના ૧૬ માં જન્મ દિને ચલોડા
૧૦૧/- પટેલ ઈપ્સા પરાગ રાવજીભાઈ જન્મ દિને કેનેડા
૧૦૧/- પટેલ પરાગ રાવજીભાઈ જન્મ દિને કેનેડા
૧૦૧/- પટેલ દક્ષાબેન વિષ્ણુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૧૦૧/- સિંધવ ભાવેશકુમાર દિપસંગભાઈ પુત્ર જન્મ પ્રસંગે સુરેન્દ્રનગર
૫૦૧/- પટેલ વિષ્ણુભાઈ આશાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૦/- ત્રિવેદી, ઘનશ્યામભાઈ માણેકલાલ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૫૧/- કુ. હાર્વી પ્રશાંતકુમાર ભાવસાર જન્મ દિને અમદાવાદ
૧૦૦/- મોદી રીટાબેન જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૧/- કા. પટેલ મહેશભાઈ ચંદુલાલ નવી દુકાન લીધી તે નિમિત્તે કઠલાલ
૧૦૦/- ઠક્કર કનુભાઈ સ્વાસ્થ્ય સારુ થયું તે નિમિત્તે આદીપુર (કચ્છ)
૨૦૦/- પટેલ દર્શિતાબેન અમિતકુમાર નાંદોલ
શ્રી નરનારાયણદેવના દર્શન નિમિત્તે

**શ્રી સ્વામિનારાયણ મંદિર મથુરા નવો ફોન નંબર : ૦૭૪૧૭૫૪૩૦૯૮**

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.


પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
૪૨માં જન્મોત્સવ અને ગાદી અભિષેક દશાબ્દી મહોત્સવ


Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/2014 valid up to 31-12--2014















Jagadish Offset

Praful Kharsani